RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 247 Dt. 23-03-2025 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં
રાજકોટ મિરર
મેળવવા ઈચ્છો છો?
QR કોડ સ્કેન કરો અને જોડાવ
અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## ચૂંટણી પંચની ડુપ્લીકેટ વોટર આઈડીને લઈ દેશવ્યાપી કવાયત

### ૩૦ એપ્રિલની સમયમર્યાદા સાથે ચૂંટણી આચાર સંબંધિત બાબતો પર રાજકીય પક્ષો પાસેથી સૂચનો આમંત્રિત કર્યા



નવીદિલ્હી તા. ૨૨

ચૂંટણી પંચ **(EC)** એ ડુપ્લિકેટ વોટર આઈડી કાર્ડ અને મતદાર યાદીઓમાં વિસંગતતા અંગેની ચિંતાઓને દૂર કરવા માટે દેશવ્યાપી કવાયત શરૂ કરી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ **(TMC)** દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી **(CEO)**, જિલ્લા ચૂંટણી અધિકારી **(DEO)** અને રિટર્નિંગ ઓફિસર આ પહેલ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નિર્દેશને અનુસરે છે, જેમણે રાજકીય પક્ષોની ચિંતાઓ અને સૂચનો સાંભળવા માટે નિયમિત સર્વપક્ષીય પરામર્શની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ચૂંટણી પંચે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ અને બૂથ સ્તરના એજન્ટોને ચૂંટણી અપડેટ પ્રક્રિયા અંગે તાલીમ આપવાની પણ ઓફર કરી છે. ચૂંટણી સંસ્થાએ ૩૦ એપ્રિલની સમયમર્યાદા સાથે ચૂંટણી આચાર સંબંધિત બાબતો પર રાજકીય પક્ષો પાસેથી સૂચનો આમંત્રિત કર્યા છે. ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠકો હાલમાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ અને ૧૯૫૧, ચુંટણી નોંધણી નિયમો ૧૯૬૦, ચૂંટણી આચાર ૧૯૬૦ અને ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલી સૂચનાઓ અને ૧૯૫૧ના કાયદાકીય માળખામાં યોજાઈ રહી છે. વિપક્ષી પાર્ટીઓએ નકલી વોટિંગ અને ઘણા વોટર આઈડી કાર્ડ રાખવાને લઈને ચૂંટણી પંચની કામગીરી પર સવાલ ઉઠાવ્યા છે. વિરોધ પક્ષોની ફરિયાદ પર, પંચે તાજેતરમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને નકલી મતદાન અને બહુવિધ મતદાર ઓળખ કાર્ડને રોકવા માટે મતદાર આઈડી કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત ચૂંટણી પંચ ચૂંટણી સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે પણ પગલાં લઈ રહ્યું છે.

આ શ્રેણીમાં, દેશભરના ૪૧૨૩ **EROs** પોતપોતાના વિધાનસભા મતવિસ્તારમાં મતદાન મથક સ્તરે પડતર કોઈપણ મુદ્દાઓને ઉકેલવા માટે સર્વપક્ષીય બેઠકોનું આયોજન કરી રહ્યા છે.

તમામ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ ૭૮૮ જિલ્લા ચૂંટણી અધિકારીઓ **(DEOs)** અને ૩૬ **CEO** ને જિલ્લા અને રાજ્ય સ્તરે આવી બેઠકો આયોજિત કરવા અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ અને ૧૯૫૧, ચુંટણી નોંધણી નિયમો ૧૯૬૦, ૧૯૬૦ ના ચૂંટણી નિયમો હેઠળ પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના રાજકીય પક્ષો આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે અને દેશભરના તમામ વિધાનસભા મતવિસ્તારો અને જિલ્લાઓમાં આવી તમામ બેઠકો ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

રાજકીય પક્ષોની ચૂંટણી સંબંધિત ફરિયાદોને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે ૪ માર્ચે દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના **CEO**, દરેક રાજ્યમાંથી એક ઉઊઇ અને **ERO**ની કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. આ કોન્ફરન્સમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ઉપરાંત ચૂંટણી કમિશનર ડો.સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશી હાજર હતા. આ બેઠકમાં ચૂંટણી સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

રાજકીય પક્ષો અને તેમના અધિકૃત પ્રતિનિધિઓ જેમ કે બૂથ લેવલ એજન્ટ્સ **(BLAs)**. પોલિંગ એજન્ટો, કાઉન્ટિંગ એજન્ટ્સ અને ચૂંટણી એજન્ટો ચૂંટણી આચાર સહિત વિવિધ ચૂંટણી પ્રક્રિયાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ચૂંટણી પંચ તમામ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય રાજકીય પક્ષોની ફરિયાદોના નિવારણ માટે ચૂંટણી અધિકારીઓની બેઠકનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકનો હેતુ ચૂંટણી અધિકારીઓને ફરિયાદોના ઝડપી નિકાલ માટે તૈયાર કરવાનો છે. આયોગ ચૂંટણી સંબંધિત અધિકારીઓને ડિજિટલ તાલીમ પણ આપી રહ્યું છે.

## બાંગ્લાદેશમાં લઘુમતીઓના માનવ અધિકારોનું ઉલંઘન : સંઘ

### બેંગ્લોરમાં ચાલી રહેલી સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં બાંગ્લાદેશમાં રહેલા હિન્દુઓનો મુદ્દો ઉઠ્યો કહ્યું ચિંતાનો વિષય

નવીદિલ્હી, તા. ૨૨.

બેંગ્લોરમાં ચાલી રહેલી સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં બાંગ્લાદેશનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને લઘુમતીઓ, ખાસ કરીને હિંદુઓ સામેની હિંસા પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. કો-સરકાર્યવાહ અરુણ કુમારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં લઘુમતીઓના માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાનું કારણ માત્ર રાજકીય જ નહીં પરંતુ ધાર્મિક પણ છે. અરુણ કુમારે નિવેદનમાં કહ્યું કે અમે બાંગ્લાદેશના હિન્દુ સમુદાય સાથે એકતા દર્શાવીએ છીએ. અમે લઘુમતીઓ સાથે એકતામાં બાંગ્લાદેશમાં માનવાધિકાર ઉલ્લંઘન પર ચિંતા વ્યક્ત કરી છે. આપણે એવું ન માનવું જોઈએ કે આ હિંસાનું કારણ માત્ર સત્તા પરિવર્તનના કારણે રાજકીય છે પરંતુ તેના ધાર્મિક કારણો પણ છે. લઘુમતીઓ અને હિન્દુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

અરુણ કુમારે કહ્યું કે 'ધાર્મિક લઘુમતીઓ સામે હિંસા નવી નથી. વર્ષ ૧૯૫૧માં બાંગ્લાદેશમાં હિન્દુઓની વસ્તી ૨૨ ટકા હતી જે હવે ઘટીને ૭.૯૫ ટકા થઈ ગઈ છે. આ એક મોટો ઘટાડો છે. આ વખતે જે હિંસા થઈ રહી છે તેને જાણે સરકાર અને સરકારી સંસ્થાઓનું સમર્થન છે. ત્યાં ભારત વિરોધી વધારો થઈ રહ્યો છે. અમારા પ્રસ્તાવમાં અમે આંતરરાષ્ટ્રીય દળો વિશે પણ ચિંતા વ્યક્ત કરી છે. ભારત અને તેના પડોશી દેશો માત્ર દેશોનો સમૂહ નથી પરંતુ તેમનો ઈતિહાસ સમાન છે. અમારી વચ્ચે ઘણું સામ્ય છે. ઘણી વૈશ્વિક શક્તિઓ ભારત અને તેના પાડોશી દેશો વચ્ચે અવિશ્વાસ પેદા કરવાનો પ્રયાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશમાં ગત વર્ષે શેખ હસીનાની સરકારને સત્તા પરથી હટાવવામાં આવી ત્યારથી જ લઘુમતીઓ, ખાસ કરીને હિંદુઓ વિરુદ્ધ મોટા પાયે હિંસા થઈ રહી છે. હિંસાની આ ઘટનાઓ પર ઘણા દેશોએ ચિંતા વ્યક્ત કરી હતી. ભારતે પણ તેની સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. જો કે, તેમ છતાં, બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાય કટ્ટરપંથીઓના નિશાના પર છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ત્રણ દિવસીય અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક શુક્રવારથી બેંગ્લોરમાં ચાલી રહી છે. આ સંઘની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે. આ બેઠક દરમિયાન બાંગ્લાદેશ હિંસા સાથે મણિપુર, ભાષા વિવાદ અને સંઘના શતાબ્દી સમારોહ અંગે ઠરાવો પસાર કરવામાં આવશે.

### ભાજપ અધ્યક્ષની પસંદગીની પ્રક્રિયા ચાલુ

**બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીને લઈને પૂછવામાં આવેલા સવાલ પર અરુણ કુમારે કહ્યું કે 'સંઘ હેઠળ ૩૨થી વધુ સંગઠનો કામ કરે છે. દરેક સંસ્થા પોતે સ્વતંત્ર છે અને સ્વતંત્ર નિર્ણય લેવાની પ્રક્રિયા ધરાવે છે. દરેક સંસ્થાના પોતાના સભ્યો હોય છે, ચૂંટણી હોય છે અને તેમની સમગ્ર પ્રક્રિયા અલગ અલગ હોય છે. ભાજપ અને સંઘમાં કોઈ ફરક નથી. અમે દેશ અને સમાજ માટે સાથે મળીને કામ કરીએ છીએ. સંગઠનની પ્રક્રિયા ચાલી રહી છે અને જિલ્લા અને રાજ્ય સ્તરે સમિતિઓની રચના કરવામાં આવી છે. ભવિષ્યમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે ચૂંટણી થશે.**

## નાગપુર હિંસામાં થયેલ નુકસાનીની ભરપાઈ તોફાનીઓ જ કરશે : ફડણવીસ

### ચુકવણી કરવામાં નહીં આવે તો મિલકતો થશે જપ્ત અથવા ફેરવવામાં આવશે બુલડોઝર

નવીદિલ્હી, તા. ૨૨.

નાગપુરમાં હિંસા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કડક વલણ અપનાવ્યું હતું અને સ્પષ્ટ કર્યું હતું કે જાહેર સંપત્તિને થયેલા નુકસાનની ભરપાઈ તોફાનીઓ દ્વારા જ કરવામાં આવશે. જો તેઓ ચૂકવણી નહીં કરે તો તેમની મિલકતો જપ્ત કરવામાં આવશે અને જરૂર પડશે તો બુલડોઝિંગ પણ કરવામાં આવશે. ફડણવીસે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૦૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે, અને સીસીટીવી ફૂટેજના આધારે વધુ ધરપકડ ચાલુ રહેશે. આ સિવાય સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારાઓને પણ બક્ષવામાં આવશે નહીં. અત્યાર સુધીમાં, ૬૮ સોશિયલ મીડિયા પોસ્ટને ઓળખવામાં આવી છે અને કાઢી નાખવામાં આવી છે.આ ઘટના અંગેની તમામ અટકળોને ફગાવી દેતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આમાં કોઈ વિદેશી શક્તિ કે બાંગ્લાદેશી કડીની સંડોવણી નથી. સાથે જ તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ હિંસામાં કોઈ રાજકીય એંગલ સામે આવ્યો નથી. ફડણવીસે ગુપ્તચર તંત્રની ભૂમિકા અંગે પણ સ્પષ્ટતા કરી અને કહ્યું કે આ ઘટના ગુપ્તચર તંત્રની નિષ્ફળતા નથી, પરંતુ માહિતી પ્રણાલી વધુ મજબૂત બની શકી હોત. આ હિંસા અંગેના કેટલાક અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે મહિલા પોલીસકર્મીઓની છેડતી કરવામાં આવી હતી, પરંતુ મુખ્યમંત્રીએ આ અહેવાલોને અફવા ગણાવીને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે મહિલા પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ છેડતી થઈ નથી, મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે જે લોકો આ હિંસામાં સામેલ છે તેમને તેની ભારે કિંમત ચૂકવવી પડશે.જો તેઓ નુકસાનની ભરપાઈ નહીં કરે તો તેમની મિલકતો જપ્ત કરવામાં આવશે અને બુલડોઝરનો ઉપયોગ પણ થઈ શકે છે. નોંધનીય છે કે ૧૭ માર્ચના રોજ નાગપુરના ઘણા ભાગોમાં પથ્થરમારો અને આગચંપીના સમાચાર આવ્યા હતા. વિશ્વ હિંદુ પરિષદ (ટઇંઙ) ની આગેવાની હેઠળ છત્રપતિ સંભાજી નગર સ્થિત મુઘલ સમ્રાટ ઔરંગઝેબની કબરને હટાવવાની માંગણી સાથેના પ્રદર્શન દરમિયાન ધાર્મિક લખાણો સાથે ચાદર સળગાવવાની અફવાને પગલે હિંસા થઈ હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કાર લોન ફક્ત 6%
રૂા. ૪૨ હજારથી વધુનો ચોખ્ખો ફાયદો
કારની કિંમત રૂા. ૧૦ લાખ હોય, ૭ વર્ષની લોન હોય તો અન્ય કરતા...
▸▸ ઝીરો પ્રિ-ક્લોઝર – પાર્ટ પેમેન્ટ ચાર્જીસ
▸▸ ફિક્સ વ્યાજદર
▸▸ મોર્ગેજની જરૂર નહિ

સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક | PROUDLY CO-OPERATIVE | સહકારથી સમૃદ્ધિ

JK HOLIDAYS
માત્ર કેદારનાથ ધામ
હરિદ્વાર થી હરિદ્વાર Par Person 17999 5 Night 6 days રેહવા જમવા સાથે Tempo traveler (12 parson group)
બુકિંગ શરુઆત: મે, જૂન, જુલાઈ, સપ્ટેમ્બર, ઓક્ટોબર
ONCE IN A LIFETIME MUST GO ON
ચાર ધામ યાત્રા
• રહેવાની સુવિધા પ્રીમિયમ રિસોર્ટ (૨ વ્યક્તિ વચ્ચે)
• ગુજરાતી (મહારાજ) કિચન સાથે
• ૧૨ વ્યક્તિ વચ્ચે બસ
• હરિદ્વાર ટુ હરિદ્વાર
• ૧૧ રાત્રી / ૧૨ દિવસ
39,900/- per person
insta - jk.holidays7


એડવાન્સ યાત્રા રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે
9429689411, 9409689411
Vimal Patel :- 6355389411
કેશવ આર્કેડ, ઓફિસ નં: 101, એસબીઆઈ બેંક, પેડક રોડ, રાજકોટ.

સરકારી કચેરીઓમાં મસમોટા પગારથી ખિસ્સા ભરનારા ઉપરની કમાણી ખાવા જતાં ભરાઇ જાય છે ભેખડે

# લાંચીયાઓની આબરૂ ગાભોઃ પાંચ લાલચુને 'ચીપટી'માં લેતું ACB

## આરટીઓ ઇન્સ્પેક્ટર, એજન્ટ, પોલીસ કર્મચારી, ગ્રામ પંચાયતનો ઓપરેટર, મહિલા તલાટી બસ્સોથી માંડી હજારોની લાંચ લેવા જતાં દાઝી ગયાઃ લેભાગુઓમાં ફફડાટ



રાજકોટઃ ઠેકઠેકાણે લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓ કાર્યરત હોય છે. સરકારી સહિતની કચેરીઓમાં અનેક એવા હોય છે જેના ગજવામાં સરકાર મહિને મસમોટો પગાર ભરી દેતી હોવા છતાં આવા લોકોને ઉપરની મલાઇ ખાધા વગર ચેન પડતો હોતો નથી. જો કે તેના આવા અખભરતાં તેને ઘણીવાર એસીબીની ઝપટમાં લઇ લેતાં હોય છે. આવા જ લાંચીયાઓ પર ધોંસ બોલી ગઇ છે. જેમાં આરટીઓ ઇન્સ્પેક્ટર, એજન્ટ, ગ્રામ પંચાયતનો ઓપરેટર, મહિલા તલાટી અને પોલીસ કર્મચારી લાંચ લેતાં ઝડપાઇ ગયા હતાં. એન્ટી કરપ્શન બ્યુરોએ લાગલગાટ આવી કામગીરી કરતાં લાંચીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ છટકાઓમાં બસ્સો રૂપરડીથી માંડી હજારો રૂપિયાની લાંચ લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર વધી રહ્યો છે ત્યારે અમદાવાદ એસીબી દ્વારા ગાંધીનગર આરટીઓ કચેરીમાં ટ્રેપ ગોઠવવામાં આવી હતી અને તેમાં કોમર્શિયલ વાહનોના ઓનલાઇન ટેક્સ પેટે ૧ હજારની લાંચ લેતા આરટીઓ ઇન્સ્પેક્ટર અને એજન્ટને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી. કોઈપણ સરકારી કામમાં હાલ લાંચ આપવી જાણે ફરજિયાત બની ગઈ હોય તેવો ઘાટ ઘડાયો છે ત્યારે પાટનગર ગાંધીનગરમાં આવેલી આરટીઓ કચેરીમાં પણ કોઈપણ કામ માટે આવતા અરજદારો પાસેથી ૧૦૦થી લઈને ૧૦૦૦ રૂપિયા લેવામાં આવતા હોવાની ફરિયાદો વ્યાપક બની હતી.

જેના પગલે અમદાવાદ એસીબીના એકમ દ્વારા અહીં ડીકોય ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને જે અંતર્ગત આજે છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક અરજદારને મોકલીને બે કોમશયલ વાહનોના આજીવન ટેક્સ ભરવા માટે આર.ટી.ઓ કચેરી ખાતે ઓનલાઈન કામગીરી માટે આર.ટી.ઓ ઇન્સ્પેક્ટર હિતેન્દ્રસિંહ જામસિંહ પરમારને મળતા તેણે એજન્ટ દિપેનભાઈ ઉર્ફે ચિન્ટુ જીતેન્દ્રભાઈ રામી રહે અમદાવાદને મળવાનું કહેતાં અરજદાર તેને મળ્યા હતા અને તેણે કરેક્શન ફોર્મમાં સહી કરી હતી ત્યારબાદ આ ફોર્મમાં આરટીઓ ઇન્સ્પેક્ટર હિતેન્દ્રસિંહ દ્વારા પણ સહી કરવામાં આવી હતી અને અરજદારને ફરીથી એજન્ટ દીપેનભાઈ પાસે મોકલવામાં આવતા ૧૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી. જે સ્વીકારતા એસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી.સોલંકી અને તેમની ટીમ પહોંચી ગઈ હતી અને બંને આરોપીઓને ઝડપી લીધા હતા. જેમની સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આરટીઓ કચેરીમાં એસીબી દ્વારા અધિકારીને લાંચ લેતા ઝડપી લેવામાં આવ્યા હોવાના મેસેજ મળતા અન્ય અધિકારી કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો હતો.

જ્યારે બીજા છટકામાં અમદાવાદના માધુપુરા પોલીસ સ્ટેશનમાં પારિવારિક ઝઘડાના મામલે એકબીજા સામે અરજી થઈ હતી. ત્યાં એક પોલીસ કર્મચારીએ અરજી કરવા આવનાર લોકોની તકલીફને કમાવાનો મોકો સમજીને વ્યક્તિને લોકઅપમાં નહીં પુરવા અને પાસપોર્ટ જમા નહીં કરાવવા માટે ૩૦થી ૩૫ હજાર રૂપિયા આપવા પડશે તેવું જણાવ્યું હતું. જે મામલે ખ્દ્ગ્માં ફરિયાદ થતાં પોલીસે લાંચિયા પોલીસ કર્મચારીને ઝડપી પાડી કાર્યવાહી કરાઇ હતી. સુત્રોના કહેવા મુજબ અમદાવાદના માધુપુરા વિસ્તારમાં પારિવારિક ઝઘડાની બાબતે એકબીજા સામે અરજી થઈ હતી. જે સંદર્ભે આ અરજીની તપાસ ઈદગાહ પોલીસ ચોકીમાં ચાલી રહી હતી.

આ તપાસ સાથે જોડાયેલા જગદીશભાઈ વાળા પોલીસ કોન્સ્ટેબલ એક વ્યક્તિને ફોન કરીને કહે છે કે, જો આ કેસમાં તને ધરપકડ કરીને લોકઅપમાં ના પુરૂ અને પાસપોર્ટ જમા ના કરાવો હોય તો તે માટે ૩૦થી ૩૫ હજાર રૂપિયા આપવા પડશે. આ વાતચીતનું રેકોર્ડિંગ તે વ્યક્તિએ એન્ટીકરપ્શન બ્યુરોને આપી દીધું હતું અને આ સમગ્ર રેકોર્ડિંગની તપાસ બાદ જગદીશ વાળા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. એન્ટીકરપ્શન બ્યુરોએ હાલ જગદીશ વાળાની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી હતી.

ત્રીજા છટકામાં કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામમાં એન્ટી કરપ્શન બ્યુરોએ મોટી કાર્યવાહી કરી છે. મહિલા તલાટી ચંદ્રીકાબેન મગનભાઇ ગરોડાને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. એક જાગૃત નાગરિકે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમને દેશલપર ગામમાં સર્વે નંબર-૬૦૭ પૈકી (શ્રીસરકાર)ની જમીન પર નવું રેસ્ટોરન્ટ બનાવવા માટે મંજૂરી જોઈતી હતી. આ માટે ૫૨૫ ચોરસ મીટર સરકારી પડતર જમીનની માંગણી કરી હતી. જમીન ગૌચરની ન હોવાનો ગ્રામ પંચાયતનો દાખલો અને ઠરાવ આપવા માટે તલાટીએ મોબાઇલ મેસેજથી રૂપિયા બે હજારની લાંચની માંગણી કરી હતી. જેને પગલે એસીબીએ છટકું ગોઠવ્યું હતું.

તલાટી ચંદ્રીકાબેન ગરોડાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂપિયા બે હજારની લાંચની રકમ સ્વીકારી હતી. તેઓ રાજ્યસેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરતા સ્થળ પરથી જ ઝડપાઈ ગયા હતા. મોરબી એસીબી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ. લાલીવાલા અને તેમની ટીમે આ કાર્યવાહી કરી હતી.

જ્યારે ત્રીજા છટકામાં ગાંધીનગર નજીક આવેલા મગોડી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતો કોમ્પ્યુટર ઓપરેટર વિવિધ સરકારી યોજનાઓની ઓનલાઈન કામગીરી માટે ગ્રામજનો પાસેથી રૃપિયા પડાવતો હોવાની વ્યાપક ફરિયાદને પગલે આજે અમદાવાદ એસીબી દ્વારા ડીકોય ગોઠવવામાં આવી હતી અને ૨૦૦ રૃપિયાની લાંચ લેતા આ ઓપરેટરને ઝડપી લેવામાં આવ્યો હતો. હાલમાં કોઈપણ સરકારી કામ માટે અરજદારોને રૂપિયા આપવા પડતા હોય છે ત્યારે આ પ્રકારની ફરિયાદો વ્યાપક બની છે. જેના કારણે એસીબી દ્વારા આવા લાંચિયા અધિકારી કર્મચારીઓને પકડવા માટે છટકા ગોઠવવામાં આવી રહ્યા છે તેમ છતાં આ પ્રવૃત્તિ બંધ થતી નથી.

આ સ્થિતિમાં ગાંધીનગર શહેર નજીક આવેલા મગોડી ગામમાં ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવશો વિશાલ રોહિતજી ઠાકોર છેલ્લા ઘણા સમયથી અહીં કામ અર્થે આવતા ગ્રામજનો પાસેથી સરકારી યોજનાઓની ઓનલાઈન કામગીરી માટે ગમે તે બહાના કાઢીને ૧૦૦ થી ૫૦૦ રૃપિયાની લાંચ લેતો હોવાનું બહાર આવ્યું હતું.

જેના પગલે આજે અમદાવાદ એકમના એસીબીની ટીમ દ્વારા ડીકોય ગોઠવવામાં આવી હતી અને એક અરજદારને કામ લઈને ગ્રામ પંચાયતમાં મોકલવામાં આવ્યો હતો. જ્યાં તેણે કોમ્પ્યુટર ઓપરેટર વિશાલ ઠાકોર સાથે વાતચીત કરી હતી અને તેણે ૨૦૦ રૂપિયા લાંચ પેટે માંગ્યા હતા.

જેથી ત્યાં હાજર પોલીસ ઇન્સ્પેક્ટર એન.બી સોલંકી અને તેમની ટીમ દ્વારા વિશાલ ઠાકોરને લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો અને તેની સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરવામાં આવી હતી. આમ એસીબીના ચાર છટકામાં પાંચ લાંચીયા ઝપટમાં આવી ઉઘાડા પડી ગયા હતાં.

પોતાના હોદ્દાનો માભો ભોગવતા અને પાંચેયની આબરૂ ગાભો થઇ ગઇ હતી.

# શાપર ગામે ''વન નેશન, વન રેશન કાર્ડ'' અંતર્ગત યોજાયો કાર્યક્રમ

## યોજના થકી લાભાર્થીઓ બીજા રાજયમાં કે રાજયના કોઇ પણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં રહેવા જતાં ત્યાંની વાજબી ભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે

રાજકોટ, તા. ૨૨

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીના માર્ગદર્શન મુજબ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા કોટડાસાંગાણી તાલુકાના વેરાવળ (શાપર) ગામે નવી કુમાર તાલુકા શાળા ખાતે તાલુકા મામલતદાર જી. બી. જાડેજાની અધ્યક્ષતામાં ''વન નેશન, વન રેશન કાર્ડ'' યોજના અંગે જાગૃતિ લાવવા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં લોકોને આ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા સમજૂત કરવામાં આવ્યા હતાં. તેમજ લોકોના પ્રશ્નો સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વેરાવળ ગામના સરપંચ રવિરાજસિંહ જાડેજા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અશ્વિનભાઇ ગઢીયા, પુરવઠા નાયબ મામલતદાર ડી. વી. મોરાડીયા, નાયબ મામલતદાર વી. વી. રાજ્યગુરુ, નાયબ મામલતદાર એચ. એ. ચુડાસમા, શાપર- વેરાવળ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનના મેનેજર પોપટભાઇ, શાળાના આચાર્ય નીલાબેન માકડીયા સહિત શાપર તથા વેરાવળ ગામોના વાજબી ભાવના દુકાનદારો હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય એકતા તથા જન સામાન્યની સુગમતા વધારવાના શુભાશયથી વન નેશન, વન રેશન કાર્ડ યોજના વર્ષ ૨૦૧૯થી અમલમાં મૂકેલી છે. આ યોજનાના લાભાર્થી તરીકે નોંધાયેલા કોઈ પણ રાશનકાર્ડધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે રાજયના કોઇ પણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં રહેવા જતાં ત્યાંની વાજબી ભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે. આથી, એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ પરપ્રાંતીય મજૂરો, કારીગરો, ખેતમજુરો અને વિચરતું જીવન જીવતા પરિવારોને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે.

''વન નેશન, વન રાશન કાર્ડ યોજના'' (ઘગઘછ્ઇ) હેઠળ દેશના કોઈ પણ સ્થળેથી અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજયમાં રાશનકાર્ડ સાથેનું આધાર સીડીંગ કરેલ હોવું જરૂરી છે. આ યોજનાના અમલીકરણ માટે દરેક વાજબી ભાવના દુકાનદારને વધારાનો અનાજનો જથ્થો (ઘઉં અને ચોખા) આપવામાં આવે છે. આમ, વન નેશન, વન રેશન કાર્ડ યોજના એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં લાવેલી ડીજીટલ ક્રાંતિકારી યોજના છે, તેમ જિલ્લા પુરવઠા કચેરીની યાદીમાં જણાવાયું છે.

# શહેરમાં ૯૪૩૯ વિદ્યાર્થીઓ આપશે ગુજકેટની પરીક્ષા

## રાજયમાં ૧.૨૯ લાખથી વધુ વિદ્યાર્થીઓની થશે કસોટી

### રાજયમાં ૨૩૫ કેન્દ્રો અને ૬૩૮ શાળા બિલ્ડીંગોમાં લેવાશે પરીક્ષા

રાજકોટ, તા. ૨૨

ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે ત્યારે આજે કોમન એન્ટરન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે . આ માટે દરેક જરૂરી વ્યવસ્થાઓને પૂર્ણ કરી દેવામાં આવી છે એટલું જ નહીં વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની અડચણ અથવા તો તકલીફનો સામનો ન કરવો પડે તે માટે પણ હાલ તમામ જરૂરી પગલાઓ જિલ્લા શિક્ષણ અધિકારી અને સ્થાનિક પ્રશાસન દ્વારા લેવામાં આવ્યા છે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડીગ્રી ઈજનેરી તેમજ ડીગ્રી ડીપ્લોમાં ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે આજે તા.૨૩ને રવિવારે ગુજકેટ (કોમન એન્ટરન્સ ટેસ્ટ) લેવામાં આવનાર છે.

જેમાં રાજકોટ કેન્દ્રમાં ૯૪૩૯ સહિત રાજયમાં ૧.૨૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસનાર છે. રાજકોટ કેન્દ્રમાં આ પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.

રાજકોટમાં સરદાર પટેલ વિદ્યાલય (મવડી) હ.લ.ગાંધી વિદ્યાવિહાર (આત્મીય કોલેજ કેમ્પસ) જી.ટી.શેઠ વિદ્યાલય (કાલાવડ રોડ), કોટક સ્કૂલ (મોટી ટાંકી) મુરલીધર હાઈસ્કૂલ (પેલેસ રોડ) સ્વામિ.ગુરુકુલ હાઈસ્કૂલ (ઢેબર રોડ)કડવી બાઈ વિદ્યાલય (ઢેબર રોડ) માસુમ વિદ્યાલય (આર.ટી.ઓ.સામે) સાધુવાસવાની રોડ (સાધુ વાસવાણી રોડ) કલ્યાણ સ્કૂલ રૈયારોડ, મધરલેન્ડ હાઈસ્કૂલ (પેડક રોડ) ન્યુ.એરા સ્કૂલ રૈયા રોડ સહિત ૪૭ શાળાઓના સેન્ટર પરથી આ કસોટી લેવામાં આવનાર છે. રાજયમાં ૨૩૫ કેન્દ્રો ૬૩૮ શાળાઓની બિલ્ડીંગો અને તેના સી.સી. ટી.વી.કેમેરાથી સજ્જ ૬૫૪૯ બ્લોકમાં સવારના ૧૦ થી બપોરના ૧૬ કલાક દરમિયાન ત્રણ પેપર લેવાશે.

જેમાં પ્રથમ સેશનમાં પેપર-૧ (ફીઝીકસ એને કેમેસ્ટ્રી)નું લેવાશે જેમાં સવારના ૯.૩૦ કલાકે વિદ્યાર્થીઓને પરીક્ષા સેન્ટરમાં એન્ટ્રી આપી દેવાશે.બીજા સેશનમાં બપોરના ૧૨.૩૦ કલાકથી બાયોલોજીનું અને સેશન-૩માં બપોરના ૨.૩૦ કલાકથી મેથ્સનું પેપર લેવામાં આવશે. દરેક સેન્ટર પર વર્ગ-૧ અને ૨ના અધિકારી ઉપરાંત બિલ્ડીંગ કેડેકટર આસી.બિલ્ડીંગ કડેકટરને જવાબદારી સોંપવામાં આવી છે તમામ સેન્ટર પર પોલીસ કર્મચારીઓ બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવેલ છે.

ગઠીયાઓ ગમે તેમ કરીને ગરીયા ફેરવી ભરી લેતા હોય છે પોતાના ગજવાઃ વધુ બે ફ્રોડ

# આઇપીઓ અને વીમામાં રોકાણના નામે કરોડોની છેતરપીંડી

## વૃદ્ધને વ્હોટ્સએપમાં એડ કરી શેર બજારમાં વળતરની લાલચ દઇ ત્રણ કરોડ છત્રીસ લાખ ખાઇ જવાયાઃ બીજી તરફ વીમા કંપનીમાં રોકાણના નામે ગઠીયાઓએ કરી સાડાસાત કરોડની ઠગાઇઃ એક પકડાયો




રાજકોટઃ ઓનલાઇન ફ્રોડની ઘટનાઓ રોજબરોજની છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે. ગઠીયાઓએ એપમાં ઓનલાઇન નફો દર્શાવી રોકાણ સામે ઉંચા વળતરનીલાલચ આપી અધધધ સવા ત્રણ કરોડથી વધુની ઠગાઇ કરી લીધી છે. વૃધ્ધને વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી આઇપીઓમાં રોકાણ પર મોટા નફાની લાલચ આપી લપેટી લેવાયા હતાં અને તેમની મરણમુડી સમાન મસમોટી રકમ ઉસેડી લેવાઇ હતી. બીજી એક ચોંકાવનારી ઘટનામાં વીમા કંપનીમાં રોકાણ કરવાથી ટુંકા ગાળામાં મોટુ વળતર મળશે તેવી લાલચ આપી રોકાણકારો સાથે સાત કરોડ બાંસઠ લાખની ઠગાઇ કરવામાં આવી હતી. રોકાણની સામે અધધધ બસ્સો ત્રેપન કરોડનો નફો દર્શાવાયો હતો. પણ રકમ વીડ્રો કરવી હોય તો ચાર્જીસ ભરવા પડે તેમ કહી ઠગાઇ કરાઇ હતી. આ ફ્રોડમાં એક આરોપીને દબોચી લેવાયો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના સનાથલ વિસ્તારમાં રહેતા પાસઠ વર્ષીય વ્યકિતને વોટ્સએપ ગ્રુપમાં એડ કરીને આઇપીઓમાં રોકાણની સામે ઉંચા વળતરની ખાતરી આપીને વિશ્વાસમાં લઇને ઓનલાઇન છેતરપિંડી કરતા ગઠિયાઓએ એક મહિનામાં ૩.૩૬ કરોડ જેટલી માતબર રકમનું રોકાણ કરાવીને મોબાઇલ એપ્લિકેશનમાં અનેક ગણો નફો દર્શાવ્યો હતો. જે નફો અને રોકાણ વિડ્રો કરવાની પ્રોસેસના ભાગરૂપે ૨૦ ટકા ટેક્ષની માંગણી કરતા સિનિયર સિટીઝનને છેતરપિંડી થયાની જાણ થઇ હતી. પરંતુ ત્યાં સુધીમાં મોડુ થઇ ચુક્યુ હતું. આ અંગે સાયબર ક્રાઇમે ગુનો નોંધીને તપાસ આદરી છે. સનાથલમાં આવેલી એપલવુડ ટાઉનશીપમાં રહેતા પાંસઠ વર્ષીય પ્રેમસિંઘ ખાનગી કંપનીમાં આઇપીઓ છે. તેમને અજાણ્યા મોબાઇલ નંબરથી શેરબજારમાં રોકાણની ટીપ્સ આપતા ગ્રુપમાં જોઇન્ટ થવાની લીંક મળી હતી.

જેથી તે એડ થયા હતા અને ગ્રુપમાં આવતા મેસેજ અને અન્ય રોકાણકારોને મળતા નફા અંગે વિગતોથી તેમને વિશ્વાસ થયો હતો. જેથી તેમણે એક વ્યક્તિ સાથે વાત કરીને ટ્રેડીંગ એકાઉન્ટ ખોલ્યુ હતું. જેમાં ઓનલાઇન લોગઇન કરીને તેમાં રોકાણની વિગતો અને નફો દર્શાવવામાં આવતો હતો. આ પછી પ્રેમસિંઘે અલગ-અલગ સમયે કુલ ૩.૩૬ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. આ રોકાણની સામે ટ્રેડીંગ એકાઉન્ટમાં ઉંચો નફો દર્શાવવામાં આવતો હતો. જે રકમ વિડ્રો કરવા માટે ગઠિયાઓએ કુલ રકમના ૨૦ ટકા ટેક્સની માંગણી કરતા પ્રેમસિંઘને છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો. જે અંગે તેમણે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજા ફ્રોડની વિગતો સીઆઇડી ક્રાઇમના સૂત્રોએ આપી હતી. ઇન્સ્યોરન્સ કંપનીના રીઝનલ મેનેજર દિપક રાઠોર, એજન્ટ બાલાક્રિષ્નન ઐયર, આસિસ્ટન્ટ ઇશીકા મિશ્રા, એજન્ટનો સાહેબ અનુપ પરીક અલગ-અલગ મોબાઇલ નંબર અને વોટસએપ નંબરથી એચડીએફસી લાઇફ, શ્રીરામ લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીના અલગ-અલગ પ્લાન દર્શાવી તેમાં રોકાણ કરશો તો ટૂંકા ગાળામાં ઉંચુ વળતર મળશે તેમ જણાવી રોકાણકાર પાસેથી અલગ-અલગ પ્લાનમાં કુલ ૭.૬૨ કરોડનું રોકાણ કરાવ્યું હતું. જેની સામે મેચ્યોરિટી નાણાં ૧.૨૦ કરોડ, એજન્ટ કમિશન ૪૨.૯૮ કરોડ તેમજ મળવાપાત્ર બોનસ ૮૯.૭૯ કરોડ મળી કુલ ૨૫૩.૭૩ કરોડ બોનસ દર્શાવી આઇસીઆઇસીઆઇ, એચડીએફસી બેન્ક ચાર્જીસ દર્શાવી છેતરપિંડી આચરી હતી. આ ટોળકી સામે ૭.૬૨ કરોડની છેતરપિંડી આચરવાનો ગુનો ગાંધીનગર સીઆઇડી ક્રાઇમ ખાતે નોંધાયો હતો.

આ પ્રકરણની તપાસ ઇન્સ્પેક્ટર પી.ડી. મકવાણાએ હાથ ધરતા મોબાઇલ નંબરો સીડીઆર, એસડીઆર અને સીએએફની માહિતીના આધારે દિલ્હી ન્યુ અશોકનગર, વસુંધરા એન્કલેવમાં રહેતા અભયકુમાર રાજાલાલ પ્રસાદની દિલ્હીથી અટકાયત કરવામાં આવી હતી. બેન્ક ખાતાની ચકાસણી કરતા તેમાંથી નાણાંકીય વ્યવહારોની પણ વિગતો મળી આવતા તેની ધરપકડ કરવામાં આવી હતી. આ ટોળકીના અન્ય આરોપીઓ કોણ છે? તેની વિગતો મેળવવા તેમજ ફરિયાદમાં દર્શાવેલા મોબાઇલ નંબરધારકો કોણ છે.

અભયકુમારે પોતાના ખાતામાં આવેલા ૬.૧૮ કરોડમાંથી ફિલપકાર્ટમાંથી ૫૦ લાખ, મીશોમાંથી ૩૧ જેટલી મોંઘી વસ્તુઓ ખરીદી ઓનલાઇન પેમેન્ટ કર્યુ છે. આ વસ્તુઓની અલગ-અલગ સ્થળે ડિલિવરી લેવામાં આવી હતી. આરોપીએ સાત સરનામાનો ઉપયોગ કર્યો છે અને પોતે ઉત્તરાખંડના હલ્દવાણીમાં મકાન ભાડે રાખી પરિવાર સાથે રહેતો હતો. તેણે કલ્યાણ જ્વેલર્સમાંથી લાખોના સોનાના દાગીના ખરીદેલા છે તે રિકવર કરવાના છે. આરોપી જે કંપનીમાં કામ કરે છે તે કંપનીમાં ૧૦૦ લોકો કામ કરે છે, તેની પણ તપાસ કરવાની છે. કંપનીની દિલ્હી અને નોઇડા ખાતે ઓફિસ આવેલી છે. આ ઠગ ટોળકી લિંક મોકલી પૈસા ટ્રાન્સફર કરાવતી. તેમાં સામેલ આરોપીઓને શોધવા બાર દિવસના રિમાન્ડની માંગણી કરતા અદાલતે ગુનાની ગંભીરતાને જોતા સાત દિવસના રિમાન્ડ મંજૂર કરતાં પોલીસે વિશેષ વિગતો ઓકાવવા કાર્યવાહી આદરી છે.

# ગરમીથી રક્ષણ આપવા પ્રાણીસંગ્રહાલયમાં પશુ- પક્ષીઓ માટે વિશેષ વ્યવસ્થા

## મોટા કદના પ્રાણીઓ જેવા કે, સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે માટે પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવ્યા







રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણી ઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઇન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૦૦ લાખથી વધુ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે આવતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૨ પ્રજાતિઓનાં કુલ ૫૪૫ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. આ તમામ પ્રાણી-પક્ષીઓને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઇ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે દર વર્ષે ઋતુ અનુંસાર ખાસ તકેદારી રાખવામાં આવે છે. હાલ ઉનાળાની ઋતુ ચાલતી હોય, સખત તાપ અને ગરમીના કારણે વન્યપ્રાણી-પક્ષીઓમાં વાતાવરણની કોઇ પ્રતીકૂળ અસર ન થાય અને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે વન્યપ્રાણી-પક્ષીઓને તેઓની કુદરતી પ્રકૃતી અનુસાર નીચેની વિગતે ઝૂ ખાતે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં

મોટા કદના પ્રાણીઓ જેવા કે, સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરે માટે પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવેલ છે. આકરો તાપ તથા ગરમીના સમયે પ્રાણીઓ પોન્ડના પાણીમાં બેસી રહે છે અને ગરમીથી રાહત મેળવે છે. સાથો સાથ પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે.તમામ પાંજરાની અંદર પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના આર્ટીસ્ટીક વુડન શેલ્ટર બનાવવામાં આવેલ છે. જેના ઉપર પ્રાણીઓ બેસી તડકાથી રાહત મેળવે છે અને મુલાકાતીઓ પણ પ્રાણીઓને સારી રીતે નિહાળી શકે છે.

બપોર પછીના સમયે તાપમાનનો પારો ખુબ ઉંચો હોય ત્યારે રીંછને ખાસ પ્રકારની ફ્રુટ કેન્ડી આપવામાં આવે છે.રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઇટ શેલ્ટરમાં પંખા તથા જરૂરીયાત મુજબ કુલરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

નાના કદના પ્રાણીઓ જેવા કે, વરૂ, શીયાળ, જંગલી કુંતરા, શાહૂડી વિગેરે માટે પાંજરાઓમાં ખાસ પ્રકારની ગુફાઓ બનાવવામાં આવેલ છે. જેમાં પ્રાણીઓ ગરમીના સમયે આરામ કરી શકે છે.

પાંજરાની અંદર વૃક્ષોની ડાળીઓ વચ્ચે ફોગર (ફુવારા) સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે. જેથી સમગ્ર પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે. રાત્રીના સમયે તમામ પ્રાણીઓના નાઇટ શેલ્ટરમાં પંખાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જુદી જુદી પ્રજાતીઓના પક્ષીઓના પાંજરાની ઉપર ખાસ પ્રકારના સૂકા ઘાસ પાથરી શેડની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સાબર હરણ માટે તેઓની પ્રકૃતી અનુસાર ખાસ પ્રકારનો મડ પોન્ડની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગરમીના સમયે સાબર મડ પોન્ડમાં બેસી ગરમીથી રાહત મેળવે છે. આ ઉપરાંત ઝૂ ખાતેના તમામ પ્રાણી-પક્ષીઓમાં ગરમીના કારણે ઉયવુમફિશિંજ્ઞક્ષ ના થાય તે માટે પીવાના પાણીમાં ઘછ્જ સપ્લાય કરવામાં આવે છે.

સામાન્ય રીતે ઉનાળાની સીઝનમાં માંસાહારી પ્રાણીઓમાં અંદાજે ૧૦% જેટલો ખોરાકમાં ઘટાડો નોંધાય છે. જ્યારે સરીસૃપ પ્રજાતીના પ્રાણીઓ જેવા કે મગર, સાપ, કાચબા વિગેરેમાં દૈનીક ખોરાકમાં વધારો નોંધાયેલ છે.

# રાજ્યમાં ૫૭૨ રમતવીરો ઓલ ઈન્ડિયા પોલીસ એકવેટિક્સ કલસ્ટર ચેમ્પિયનશિપમાં લેશે ભાગ

## કાલથી ૨૮ માર્ચ દરમિયાન યોજનાના સ્પર્ધામાં ૨૭ રાજ્યોના રમતવીરો થશે સહભાગી : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમાપન સમારોહમાં રહેશે હાજર




રાજકોટ, તા. ૨૨

કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ દ્વારા આગામી તા. ૨૪ થી ૨૮ માર્ચ-૨૦૨૫ દરમિયાન આયોજિત ૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ કલસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ની ગુજરાત યજમાની કરશે. જેમાં વિવિધ ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે.આ સ્પર્ધાનો સમાપન સમારોહ તા. ૨૮મી માર્ચના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે અને ઉદઘાટન સમારોહ ગુજરાતના પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતિમાં આગામી તા. ૨૪મી માર્ચના રોજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે.આ ચાર દિવસીય સ્પર્ધા દરમિયાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચે વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત તા. ૨૬મી માર્ચના રોજ ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે સ્થિત ઈછ્ક્ષ્ઋ ગ્રુપ સેન્ટર ખાતે સંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૭૨મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ કલસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫ સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન,તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્રિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૫૭૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ ચેમ્પિયનશીપ સ્પર્ધામાં ચાર રમતો યોજાશે જેમાં સાંઈ ખાતે સ્વીમીંગ અને વોટર પોલો સ્પર્ધા, સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ડાઈવીંગ સ્પર્ધા અને જી.સી.ગાંધીનગર ખાતે ૧૦ કિ.મી ક્રોસ કંન્ટ્રી રન યોજાશે.

# રામનાથપરા બેઠા પુલ નજીક ૨૦૦થી વધુ નમકીન પેકેટનો કર્યો ઘા

## આરોગ્ય વિભાગ અને સોલિડ વેસ્ટ વિભાગ હરકતમાં : નમકીન એકસપાયર થઈ જતા વિભાગે કર્યો નાશફ



રાજકોટ, તા. ૨૨.

છેલ્લા ઘણા સમયથી આરોગ્ય વિભાગ દ્વારા જે નક્કર પગલાઓ લેવામાં આવી રહ્યા છે અને ધડાધડ શહેરના વિવિધ વિસ્તારોમાં જે અખાદ્ય જથ્થો પકડવામાં આવી રહ્યો છે તેને ધ્યાને લઈ હવે ઘણા ખરા વેપારીઓ સાવજ બની ગયા છે જેમાં મહત્વનું રહે છે કે ગઈકાલે આજી નદીના કાંઠે કોઈ વ્યક્તિ દ્વારા એક્સપાયર થયેલા ફૂડ પેકેટ નો જથ્થો ઘા કરી દેવામાં આવ્યો હતો. જે બાદ યોગ્ય તપાસ કરતા માલુમ પડ્યું કે જે જથ્થાનો ઘા કરવામાં આવ્યો તે એક્સપાયર થયેલો છે અને જથ્થો વધુ હોવાથી આરોગ્ય વિભાગ દ્વારા સોલિડ્ વેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી જ્યાં વિભાગે આશરે ૨૦૦થી વધુ પેકેટનો જથ્થો નાશ કર્યો હતો. આજી નદીમાં રામનાથપરા બેઠાપુલની બાજુમાં નમકીનના પેકેટનો મોટો જથ્થો કોઈ ફેકી ગયાની બાતમી મળતા મનપાના આરોગ્ય અને ફૂડ વિભાગે તપાસ કરી હતી.એક બ્રાન્ડના એક્સપાયરી ડેટ થયેલા વેફર સહિતના પેકેટો ફેંકી દેવામાં આવ્યા હતાં. આથી સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા આ પેકેટનો દુર ઉપયોગ ન થાય તે હેતુથી નાશ કરી કંપનીમાંથી વિગતો મંગાવવામાં આવી છે.

હવે સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે આ ફૂટ પેકેટ એટલે કે વેફરના પેકેટનો જથ્થો કોને કોને ફેક્યો અને કયા કારણોસર ફેંક્યો તે અંગે હાલ તપાસ હાથ ધરવામાં આવશે પરંતુ પ્રાથમિક દ્રષ્ટિએ લોધિકામાં આ ફૂટ પેકેટ બન્યા હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ અંગે હવે આરોગ્ય વિભાગની સાતો સાત સોલિડ વેસ્ટ વિભાગ પણ સંયુક્ત તપાસ હાથ ધરશે તેવું હાલ મહાનગરપાલિકાના સૂત્રો જણાવી રહ્યા છે. જણાવ્યા અનુસાર પ્રાથમિક દ્રષ્ટિએ માલુમ પડેલ કે આ તમામ જથ્થો એક્સપાયરી ડેટ થઈ ગયેલ હોય ફેંકી દેવામાં આવ્યો હતો. પેકેટ ઉપર લોધીકાનું સરનામુ હોવાથી ફૂડ વિભાગે આ જથ્થાનો ઉપયોગ કોઈ ન કરે તે માટે સોલીડ વેસ્ટ વિભાગને જાણ કરી જથ્થાનો નાશ કરાવ્યો હતો. આ માલ અખાદ્ય હોવાથી કોઈ દુકાનદારે અથવા ડીસ્ટ્યુબીટરે નદીના પટમાં ફેંકી દીધેલ છે. જે ગેરકાયદેર હોવાથી પેકેટ ઉપર દર્શાવેલા બેચ નંબરના આધારે આ ખાદ્ય પદાર્થ ક્યારે બનાવવામાં આવેલ તેમજ તેનું વેચાણ ક્યારે કરવામાં આવેલ અને છેલ્લે ડીસ્ટ્રીબ્યુટર પાસેથી આ જથ્થો કઈ કઈ દુકાનમાં પહોંચેલ તે સહિતની બાબતની તપાસ કરવામાં આવશે. હાલ તો કોઇ આ ખાદ્ય પદાર્થ આરોગે નહીં તે માટે સોલીડ વેસ્ટ મારફત નમકીનનો નાશ કરી દેવામાં આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# દેશમાં ચોથું સૌથી વધુ દૂધ ઉત્પાદક રાજ્ય બનતું ગુજરાત

## ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશને .૧ લાખ કરોડનું ટર્નઓવર વટાવ્યું

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતના સહકારી ક્ષેત્રમાં સૌથી મોટા ડેરી યુનિયનોએ રૂ. ૧ લાખ કરોડનું ટર્નઓવર વટાવ્યું છે, જેમાં દરરોજ ૩૨ મિલિયન લિટર દૂધનું ઉત્પાદન થાય છે, જે તે દેશમાં ચોથું સૌથી વધુ દૂધ ઉત્પાદક રાજ્ય બન્યું છે. ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), જે અમૂલ બ્રાન્ડ માટે જાણીતું છે, તે વિશ્વની સૌથી મોટી ખેડૂત માલિકીની ડેરી સહકારી છે, જેમાં ૩૬ લાખ સભ્યો છે અને વિશ્વના ૫૦ થી વધુ દેશોમાં તેની કામગીરી છે.

રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પ્રાથમિક દૂધ સંઘોની સંખ્યા વધીને ૧૬,૪૦૬ થઈ છે, જ્યારે ડેરી સંઘોની સંખ્યા વધીને ૨૩ થઈ ગઈ છે. પરિણામે, રાજ્યનું દૈનિક દૂધ સંગ્રહ ૬.૨ મિલિયન લિટરથી વધીને ૩૨ મિલિયન લિટર થયું છે. દૂધ ઉત્પાદન ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓના વિસ્તરણથી ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનું ટર્નઓવર રૂ. ૧ લાખ કરોડથી વધુ થયું છે. સહકારી મોડેલે માત્ર રાજ્યની અર્થવ્યવસ્થાને મજબૂત કરી નથી પરંતુ લાખો ડેરી ખેડૂતોની આજીવિકા પણ વધારી છે. ગુજરાતનું દૂધ ઉત્પાદન ૪.૯૬ ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR)થી વધ્યું છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૪.૫૭ ટકા કરતાં વધુ છે. રાજ્ય મંત્રીએ દાવો કર્યો હતો કે ગુજરાતમાં અંદાજિત ૧.૭૧ કરોડ સભ્યો સાથે ૮૯,૦૦૦ થી વધુ સક્રિય સહકારી મંડળીઓ છે. મતલબ કે ચારમાંથી એક ગુજરાતી સહકારી મંડળીના સભ્ય છે. ગુજરાતમાં ''શ્વેત ક્રાંતિ'' એ દેશની સૌથી મોટી સહકારી સિદ્ધિ ગણાય છે,

જેને ''ભારતનો સ્વાદ'' તરીકે ઓળખવામાં આવે છે. GCMMF માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં ૧૮ સભ્ય સંઘો અને ૧૮,૬૦૦ ગ્રામ-સ્તરની દૂધ સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે.

# છેલ્લા છ મહિનામાં ૩૭ આસામીઓના આવાસ સીલ

## ગેરકાયદે ભાડું વસુલતા લાભાર્થીઓ પર તવાઈ : જરૂરિયાત મંદ લાભાર્થીઓને જોવી પડે છે વાટ

રાજકોટ, તા. ૨૨

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર હું સ્વપન છે કે જે લોકો પોતાના ઘરનું ઘર ખરીદી શકતા નથી તો તેમના માટે આવાસ ઉભા કરવામાં આવે ત્યારે રાજ્ય સરકારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ છેલ્લા ઘણા સમયથી વિવિધ આવાસ યોજના ઊભી કરવામાં આવી રહી છે પરંતુ કરુણતા એ વાતની છે કે હજુ પણ જે રીતે આવાસનો લાભ લોકોને મળવો જોઈએ તે મળી શકતો નથી ઊલટું લોકો આવાસ યોજનાના નામે છેતરપિંડી પણ કરે છે અને ગેરરીતિઓ પણ આચરે છે. આ માટે રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા એ તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેથી ભવિષ્યમાં લાભાર્થીઓને જ આવાસનો લાભ મળતો રહે.

બીજી તરફ મહત્વની વાત તો એ છે કે ગેરકાયદે આવાસોનું પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યું છે . કારણ કે હાલ જે લાભાર્થીને આવાસ લાગી હોય તો તેના બદલે ત્યાં ભાડુઆત રહેતા હોય છે આવા એક નહીં અનેક કિસ્સાઓ સામે આવ્યા છે અને તેમાં મહાનગરપાલિકાની સાથોસાથ રૂડા દ્વારા પણ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. છેલ્લા છ મહિનામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આશરે ૩૭ જેટલા આવાસોને રદ કરવામાં આવ્યા છે કારણકે જ્યારે વિગતવાર અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી તો માલુમ પડ્યું કે જે લાભાર્થીઓને આવાસ મળ્યા હોય તેનો ઉપયોગ તેના બદલે અન્ય કોઈ વ્યક્તિ કરતું હોય છે જે ખરા અર્થમાં સંપૂર્ણ ગેરકાયદે છે.

એક તરફ લોકોને આવાસ મળતા નથી અને આવાસ માટે લાંબી લાઈનો લાગેલી હોય છે ત્યારે આ સમયગાળા દરમિયાન જો તેઓને ખરા અર્થમાં કે જે આવાસ લેવા માટે હકદાર છે અને તેઓને આવાસની જરૂરિયાત છે તેમને ફાળવવામાં આવે તે ખૂબ જરૂરી છે આ માટે સ્થાનિક પ્રશાસન દ્વારા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવી એ પણ એટલી જ જરૂરી છે.

હજુ પણ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ સંયુક્ત રીતે આ પ્રકારની સમયાંતરે ઝુંબેશ ચલાવતા નજરે પડે છે અને તેમના દ્વારા આવાસ પણ સીલ કરવામાં આવી રહ્યા છે. જરૂરી લાભાર્થીઓ કે જેઓએ આવાસ માટેની અરજી કરી હોય તેઓએ રાહ જોવી પડે છે અને ઘણી ખરી વખત તેઓને આવાસ પણ મળતા નથી. ઘણા ખરા આવાસોમાં તો વાણિજ્ય પ્રવૃત્તિઓ પણ શરૂ કરી દેવામાં આવી હોય તેવા અનેક ઉદાહરણો સામે આવ્યા છે જેના પર હવે સ્થાનિક પ્રશાસન દ્વારા કડકાઇ કરવી ખૂબ જરૂરી છે અને યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવી એ પણ એટલી જ આવશ્યક છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# શિખામણ ઝાંપા સુધી

## મુખ્યમંત્રીની સલાહનો અમલ થાય તો ચિત્ર સુધરે



ડબલ એન્જિન સરકાર હોય, એટલે કે રાજ્ય અને કેન્દ્રમાં એક જ પક્ષની સરકાર હોય તો લોકો કલ્યાણના કાર્યોને વેગ મળે. લોકો માટે સુવર્ણ સમય ગણાય. રાજકોટ સહિતના મહાનગરોમાં તો ત્રીપલ એન્જિન જેવી અતિ વિશિષ્ટ સ્થિતિ છે. મેયર-મુખ્યમંત્રી-વડાપ્રધાન એક જ પક્ષના છે.

આ સ્થિતિમાં તો ઐતિહાસિક લોકકાર્યો સંભવ બને. જોકે લોકકાર્યોની પરાકાષ્ઠા સર્જાવાની વાત તો દૂર રહી, રાજકોટ જેવા મહાનગરોમાં પાણી-સફાઈ વગેરે જેવી અતિ પ્રાથમિક સુવિધાના પણ ઠેકાણા નથી રહ્યા. આદર્શ નેતાગીરી માટે આ બાબત દુ:ખદ ગણાય. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજકોટ સહિતની મહાપાલિકાઓના પદાધિકારીઓને ગાંધીનગર બોલાવીને બેઠક યોજી હતી.

પદાધિકારીઓને મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતું કે, લોકોની સેવા કરવાની તક વેડફાઈ રહી છે, આંતરિક લડાઈના કારણે પક્ષની પ્રતિષ્ઠા ખરડાઈ રહી છે. ટાંટીયા ખેચ બંધ કરીને સંપીને કામ કરો.

મુખ્યમંત્રીએ પદાધિકારીઓને ખાતરી આપી હતી કે, વિકાસ કામો-સુવિધા પર ફોકસ કરો, પ્રજાના કામ પૈસાના વાંકે સરકાર અટકવા નહીં દે.

આવી શિખામણ પક્ષ પરિવારના વડીલે આપવી પડે એ જ શરમ ગણાય. લોકોએ મત સાથે વિશ્વાસ પણ આપ્યો છે. વિશ્વાસ પણ જાળવી ન શકાય એ સ્થિતિ આદર્શ નેતાગીરીને કઠે એ સ્વાભાવિક ગણાય. જોકે ગુજરાતની મહાપાલિકાઓના પદાધિકારીઓમાં ગંભીરતા આવશે તેમ લાગતું નથી.

શાસક-અધિકારી વર્ગ વચ્ચે સંકલન નથી. શાસકો પણ અંદરો અંદર બાખડે છે. મહાપાલીકાને અન્ય સરકારી તંત્રો સાથે પણ સંકલન નથી. બધું વેરવિખેર હોય તેમ નથી લાગતું ? એક તંત્ર માર્ગ બનાવે અને બીજું તંત્ર નવા માર્ગમાં ભાંગફોડ શરૂ કરે...

આવી વિચિત્ર સ્થિતિ રાજકોટમાં જ નહીં, ગુજરાતભરમાં જોવા મળે છે. આ કારણે વિકાસ કાર્યો જ બોજરૂપ અને અસુવિધા સર્જી રહ્યા છે. કોઈ ડિઝાઈન કે ટાર્ગેટ વગર મન ફાવે તેવા નિર્ણયો અને કામો ચાલી રહ્યા છે. લોકોને સામાન્ય સુવિધાના પણ ફાફા પડવા લાગ્યા છે.

પરિવારના વડીલ જેવા મુખ્યમંત્રીએ આકરી ટકોર કરી તે પદાધિકારીઓ માટે ઢાંકણીમાં પાણી ભરીને ડૂબવા જેવી ઘટના ગણાય. થયેલી ભૂલો અને કુવૃતિ દૂર કરીને ઐતિહાસિક કાર્યો કરી દેખાડીને પરિવારના વડીલને ગૌરવ થાય તેવી સ્થિતિ સર્જવા ધંધે લાગવાનું હોય, પરંતુ ઠપકો સાંભળ્યા બાદ પણ ગંભીરતા આવે તેમ લાગતું નથી.

ગુજરાતીમાં એક કહેવત છે, શેઠની શિખામણ ઝાંપા સુધી... આ કહેવતને કોઈ પણ ભોગે સાચી પાડવા પદાધિકારીઓએ કસમ ખાધી હોય તેમ લાગે છે. મુખ્યમંત્રીની શિખામણ પ્રમાણે કામ થાય તો ગુજરાતના મહાનગરોની સ્થિતિ રાતોરાત સુધરી શકે તેમ છે.




# સીમાંકન પ્રક્રિયા મુદ્દે જગન મોહન રેડીએ PMને લખ્યો પત્ર

## રાજ્ય માટે લોકસભા અથવા રાજ્યસભાની બેઠકોની સંખ્યામાં કોઈપણ ઘટાડો દેશના સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખલેલ પહોંચાડી શકે



નવીદિલ્હી તા. ૨૨

આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને યુવા શ્રમિક રાયથુ કોંગ્રેસ પાર્ટીના વડા વાયએસ જગન મોહન રેડ્ડીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી છે કે આગામી સીમાંકન પ્રક્રિયાને કારણે કોઈ પણ રાજ્ય સંસદમાં તેનું પ્રતિનિધિત્વ ગુમાવે નહીં. શનિવારે વડા પ્રધાનને લખેલા પત્રમાં, રેડ્ડીએ આ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂક્યો હતો અને ચેતવણી આપી હતી કે રાજ્ય માટે લોકસભા અથવા રાજ્યસભાની બેઠકોની સંખ્યામાં કોઈપણ ઘટાડો દેશના સામાજિક અને રાજકીય સંવાદિતાને ખલેલ પહોંચાડી શકે છે. વિપક્ષી નેતાએ સીમાંકન પ્રક્રિયાને એવી રીતે હાથ ધરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો કે સંસદના બંને ગૃહોમાં રાજ્યોનું હાલનું પ્રમાણસર પ્રતિનિધિત્વ જળવાઈ રહે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સંસદીય બેઠકોની ફાળવણીમાં કોઈપણ ફેરફાર રાજ્યો વચ્ચે અસમાનતા પેદા કરી શકે છે, જે રાષ્ટ્રીય સ્તરે તેમના રાજકીય પ્રભાવને અસર કરી શકે છે. રેડ્ડીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, ''સીમાંકનની પ્રક્રિયા એવી રીતે હાથ ધરવામાં આવવી જોઈએ કે કોઈપણ રાજ્યને લોકસભા અથવા રાજ્યસભામાં તેના પ્રતિનિધિત્વમાં ગૃહની કુલ બેઠકોની સંખ્યાના સંદર્ભમાં કોઈ ઘટાડો ન થાય.''

રેડ્ડીએ કેન્દ્રને અનુરોધ કર્યો કે કોઈ પણ રાજ્ય તેના સંસદીય પ્રતિનિધિત્વને ઘટાડતું અટકાવવા માટે બંધારણમાં સુધારા પર વિચાર કરે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સીટોની હાલની વહેંચણીને સુરક્ષિત રાખવાથી શાસન માટે ન્યાયી અને સંતુલિત અભિગમ સુનિશ્ચિત થશે, પ્રાદેશિક અસમાનતાઓને અટકાવવામાં આવશે અને સંઘીય એકતા જાળવવામાં આવશે. પૂર્વ મુખ્યમંત્રીની અપીલ સીમાંકન પ્રક્રિયા પરની ચર્ચાઓ વચ્ચે આવી છે, જે ૨૦૨૬ની વસ્તી ગણતરી પછી થવાની ધારણા છે. આ કવાયતનો ઉદ્દેશ્ય વસ્તી વૃદ્ધિ પેટર્નના આધારે સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોને ફરીથી નિર્ધારિત કરવાનો છે. જો કે, ખાસ કરીને દક્ષિણના રાજ્યો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે તેઓ ઉત્તરના રાજ્યોની સરખામણીમાં ઓછા વસ્તી વૃદ્ધિ દરને કારણે બેઠકો ગુમાવી શકે છે. સીમાંકનનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે, જેમાં ઘણા પ્રાદેશિક નેતાઓએ ઉચ્ચ વસ્તી વૃદ્ધિ દર ધરાવતા રાજ્યો તરફ રાજકીય સત્તાના સંભવિત પરિવર્તન અંગે આશંકા વ્યક્ત કરી છે.

દરમિયાન, તમિલનાડુના નાયબ મુખ્ય પ્રધાન ઉધયનિધિ સ્ટાલિને જણાવ્યું હતું કે દાયકાઓથી રાજ્યએ વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરવા અને તેનું સંચાલન કરવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. અમે નીતિઓ રજૂ કરી, જાગૃતિ વધારી અને અમે જે લક્ષ્ય રાખ્યું હતું તે પ્રાપ્ત કર્યું - સ્થિર વસ્તી વૃદ્ધિ. જ્યારે કેટલાક અન્ય રાજ્યોમાં ઝડપથી વસ્તી વૃદ્ધિ જોવા મળી રહી છે, ત્યારે અમે જવાબદારીપૂર્વક કામ કર્યું છે. પરિણામ સ્વરૂપે, અમે અન્ય રાજ્યો કરતા ઘણા વહેલા વસ્તી રિપ્લેસમેન્ટ રેટ પર પહોંચી ગયા છીએ, પરંતુ આ સિદ્ધિ માટે પુરસ્કૃત થવાને બદલે હવે અમે અમારું રાજકીય પ્રતિનિધિત્વ ગુમાવવાનું જોખમ લઈએ છીએ.

# અમેરિકી સાથે લગ્ન કરી ગ્રીન કાર્ડ મેળવનાર ઈમિગ્રન્ટ્સને પણ નહીં આવે બક્ષવામાં




અલગ અલગ રણનીતિ અપનાવે છે જગત જમાદાર અમેરિકા : આરોપીઓને ગંભીર પરિણામોની આપી ચેતવણી

નવીદિલ્હી તા. ૨૨

ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને કાબૂમાં લેવા ટ્રમ્પ અલગ-અલગ રણનીતિ અપનાવી રહ્યા છે. ટ્રમ્પના નિશાને એવા ઈમિગ્રન્ટ્સ પણ છે જેઓ ગ્રીન કાર્ડ મેળવવા માટે અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડીથી લગ્ન કરે છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ) એ તેને ફેડરલ અપરાધ ગણાવ્યો છે અને આરોપીઓને ગંભીર પરિણામોની ચેતવણી આપી છે. એજન્સીએ જણાવ્યું હતું કે જે વ્યક્તિ ઈમિગ્રેશન કાયદાની કોઈપણ જોગવાઈઓને ટાળવા માટે જાણી જોઈને લગ્ન કરે છે તેને લગ્ન છેતરપિંડી કાનૂનની કલમ ૧૩૨૫(ભ) હેઠળ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. અમેરિકામાં નાગરિકતા મેળવવાનો સૌથી સહેલો રસ્તો લગ્ન છે. ઘણા એવા કિસ્સાઓ સામે આવ્યા છે કે જ્યાં અમેરિકન નાગરિકતા મેળવવા માટે, વિદેશી નાગરિકો અમેરિકન યુવતીઓ સાથે લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લઈ લે છે. તે જ સમયે, કેટલાક કિસ્સાઓમાં, અમેરિકન નાગરિકો પૈસા લઈને લગ્ન કરે છે અને પછી છૂટાછેડા લે છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન અનુસાર હવે જો કોઈ વિદેશી વ્યક્તિ આવું કરે છે તો તેને કરોડો રૂપિયા સુધીનો દંડ અને દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. એજન્સીએ સામાન્ય લોકોને લગ્નની છેતરપિંડી અથવા ઈમિગ્રેશનનો લાભ લઈ રહેલા લોકો વિશે સંકેત આપવા માટે પણ કહ્યું છે.

યુએસ સરકારના વિભાગે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ કરી છે. વિભાગે આ પોસ્ટમાં લખ્યું છે કે, વિઝા જારી થયા બાદ યુ.એસ. વિઝા સ્ક્રિનિંગ અટકતું નથી. અમે વિઝા ધારકોની સતત તપાસ કરીએ છીએ કે તેઓ યુએસના તમામ કાયદાઓ અને ઈમિગ્રેશન નિયમોનું પાલન કરે છે. જો કોઈ વિઝા ધારક અમેરિકાના તમામ કાયદાઓ અને ઈમિગ્રેશન નિયમોનું પાલન નહીં કરે તો અમે તેમના વિઝા રદ કરીને તેમને દેશનિકાલ કરીશું.'' યુએસ સરકારની નવી સૂચનાઓ અનુસાર, જે લોકોને અમેરિકામાં કામ કરવા અને રહેવા માટે વિઝા મળ્યા છે તેઓ પણ સતત યુએસ વહીવટીતંત્રના રડાર પર રહેશે. અમેરિકન સરકારના વિભાગે પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ મૂકી છે. વિભાગે આ પોસ્ટમાં લખ્યું કે, 'વિઝા જારી થયા બાદ યુ. એસ. વિઝા સ્ક્રીનીંગ બંધ નથી થતી. અમે વિઝા હોલ્ડરોની સતત તપાસ કરીએ છીએ જેથી ખાતરી કરી શકીએ કે, તેઓ અમેરિકાના તમામ કાયદાઓ અને ઈમિગ્રેશન નિયમોનું પાલન કરે છે. જો કોઈ પણ વિઝા હોલ્ડર અમેરિકાના તમામ કાયદા અને ઈમિગ્રેશન નિયમોનું પાલન નહીં કરે, તો અમે તેમના વિઝા રદ કરી દઈશું અને તેમને ડિપોર્ટ કરી દઈશું.'

# વ્યાપાર ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ભારત શ્રીલંકા મિલાવી શકે છે હાથ

## વડાપ્રધાન મોદી ૫ એપ્રિલથી શ્રીલંકા પ્રવાસ પર : અનેકવિધ ક્ષેત્રમાં થશે દ્વિપક્ષીય કરારો



નવીદિલ્હી, તા. ૨૨.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ એપ્રિલે શ્રીલંકા જશે. આ મુલાકાતની જાહેરાત શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયકે દ્વારા સંસદમાં તેમના સંબોધન દરમિયાન કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીલંકા મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે આર્થિક અને વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવવાનો હશે. શ્રીલંકાના વિદેશ પ્રધાન વિજિથા હેરાથે પહેલાથી જ પુષ્ટિ કરી હતી કે ૨૦૨૪ માં રાષ્ટ્રપતિ દિસાનાયકેની ભારત મુલાકાત દરમિયાન થયેલા કરારોને અંતિમ સ્વરૂપ આપવા માટે વડા પ્રધાન મોદીની મુલાકાત થઈ રહી છે. આ મુલાકાત દરમિયાન વ્યાપાર, ઉર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતા ઘણા મહત્વના કરારો લાગુ કરવામાં આવશે. ભારત અને શ્રીલંકા વચ્ચે પહેલાથી જ મજબૂત સંબંધો છે અને આ મુલાકાત દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરશે.

રાષ્ટ્રપતિ દિસાનાયકેએ સંસદમાં એ પણ માહિતી આપી હતી કે પીએમ મોદીની મુલાકાત દરમિયાન શ્રીલંકાના પૂર્વ બંદર જિલ્લા ત્રિંકોમાલીના સેમપુર વિસ્તારમાં પાવર પ્લાન્ટનું નિર્માણ કાર્ય શરૂ થશે. આ પ્રોજેક્ટ શ્રીલંકાની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદ કરશે અને વીજ ઉત્પાદન ક્ષમતામાં પણ વધારો કરશે. આ પ્રોજેક્ટ શ્રીલંકાની અર્થવ્યવસ્થા માટે પણ ફાયદાકારક સાબિત થશે કારણ કે તે દેશને ઉર્જા આત્મનિર્ભરતા તરફ આગળ વધવામાં મદદ કરશે. સ્વાસ્થ્ય મંત્રી નલિંદા જયથિસ્સાએ કહ્યું કે ભારત અને શ્રીલંકાએ ગયા મહિને ત્રિંકોમાલીમાં સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ, ૫૦ મેગાવોટ (તબક્કો ૧) અને ૭૦ મેગાવોટ (તબક્કો ૨) ક્ષમતાના સોલર પાવર પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. આ પ્રોજેક્ટનું નિર્માણ અને સંચાલન શ્રીલંકાના સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડ (**CEB**) અને ભારતના નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ (**NTPC**) દ્વારા કરવામાં આવશે. આ સંયુક્ત સાહસ ભારત-શ્રીલંકા ઉર્જા સહયોગને વધુ મજબૂત કરશે અને શ્રીલંકામાં ગ્રીન એનર્જીના વિસ્તરણમાં મદદ કરશે. વિદેશ મંત્રી વિજીથા હેરાથે ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રપતિ દિસનાયકેની દિલ્હી મુલાકાત દરમિયાન થયેલા કરારોને અંતિમ સ્વરૂપ આપવા માટે પીએમ મોદી ૨૦૨૪માં કોલંબો આવશે. રાષ્ટ્રપતિએ સંસદમાં એમ પણ કહ્યું કે પૂર્વી બંદર જીલ્લા ત્રિંકોમાલીમાં સામાપુર પાવર પ્લાન્ટનું નિર્માણ કાર્ય પીએમ મોદીની મુલાકાતના સમયે જ શરૂ થશે. સ્વાસ્થ્ય મંત્રી નલિન્દા જયથિસ્સાએ કહ્યું કે શ્રીલંકા અને ભારતે ગયા મહિને ત્રિંકોમાલીમાં સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## ભગતસિંહ! સામ્રાજ્યવાદની સમાપ્તિ નહીં થાય, ત્યાં સુધી માનવતા શરમજનક સ્થિતિમાં રહેશે!



૨૩ માર્ચ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, અને ખાસ કરીને એ આપણાં દેશને તેમજ દેશવાસીઓને લાગુ પડતું હોવાથી, એની પ્રત્યે આપણને સહજ વધું ભાવ હોય. ૩૦ જાન્યુઆરી એ ગાંધીજીની હત્યા થઈ, કે જેમણે અહિંસાની લડતથી ભારતમાં આઝાદી આવે એવા પ્રયત્નો કર્યા હતાં, અને એવી ચળવળની આગેવાની સ્વીકારી હતી. જ્યારે ભારતના જ અમુક યુવાનોએ ક્રાંતિકારી રીત અપનાવી હતી, અને ખાસકરીને લાલા લજપતરાયનાં મૃત્યુ તેમજ જલિયાંવાલા બાગમાં થયેલ હત્યાકાંડને કારણે તેવો એ અંગ્રેજોને જડબાતોડ જવાબ આપવા માટે નુકસાન કરવાનો માર્ગ અપનાવ્યો હતો. એમણે એટલી હદે અંગ્રેજોના નાકે દમ લાવી દીધો, કે અંતે લાહોરમાં કૃષ્ણલાલ વર્માની કોર્ટમાં એમની પર કેસ દાખલ થયો, એમાં ૧૬ ક્રાંતિકારીની ધરપકડ થઈ, અને એમને ત્રણેને ફાંસીની સજા થઈ હતી! આજે પણ જ્યારે એ દિવસો યાદ કરીએ કે અંગ્રેજોની ગુલામીમાં આપણો ભારત દેશ જકડાયેલો હતો, અને ગુલામીની જંજીર તોડવા માટે દરેક ભારતવાસીઓએ કમર કસી હતી. દરેકે પોતપોતાની રીતે કોઈને કોઈ યોગદાન દીધું હશે, એટલે એ સૌને વંદન, પણ ભગતસિંહ સુખદેવ અને રાજગુરૂને ૨૪ માર્ચે ફાંસીની સજા એનાયત કરવામાં આવી હતી. પરંતુ લોક જુવાળ એટલો બધો હતો કે અંગ્રેજો ડરી ગયા, અને તેને ૨૩ના રાત્રે જ ફાંસી આપી દીધી હતી, અને સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ! એમ કરી ૧૯૩૧ ની સાલમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે ભગતસિંહ સુખદેવ અને રાજગુરુ એ હસતાં હસતાં ફાંસીની સજા સ્વીકારી હતી, અને લગભગ દરેકના મનમાં પોતાની ફાંસી માટે કોઈ રંજ નહોતો!

પણ ૨૨ તારીખથી મુંબઈ ઇડન ગાર્ડન ખાતે આઈપીએલની ધમાકેદાર શરૂઆત થઈ, અને આપણે સૌ જાણીએ છીએ કે આજકાલની યુવાનીને ક્રિકેટ કેટલી પ્રિય છે. ખેલાડીઓ અને અભિનેતાઓને યુવાનો રોલ મોડેલ માનવાં લાગ્યા છે! કોઈ પણ વ્યવસાયમાં સચ્ચાઈ અને નિષ્ઠા હોય તો યુવાનો એને આદર્શ માને તો એ કંઈ ખોટું નથી! પણ વારંવાર મેચ ફિક્સિંગ અને એનાં પુરાવાઓ મળે છે, અને એમાં પણ આઈપીએલમાં તો રુપિયા માટે રમવાનું હોય સૌ મોં માંગ્યા દામ પણ માંગે છે. બહુ વિચારવા જેવી વાત છે કે, જેની માટે રુપિયાથી ઉપર કંઈ જ ન્હોય એને આદર્શ કંઈ રીતે માની શકાય! છતાં પણ એને આદર્શ માની આજકાલની યુવાની ભૂલ કરી રહી છે. સ્ટેડિયમમાં જોઈએ તો પોતે કંઈ ટીમને સપોર્ટ કરે છે, એ માટે એના ધ્વજ, એનાં ટીશર્ટ અને બીજુય કેટલું.. અધધધધ રુપિયા વાપરે છે! રુપિયા એનાં પોતાના હોય, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરે, આપણે કંઈ જ ન કહી શકીએ! પણ આ બધું દેશભક્તિ ને નામે તો ન જ થવું જોઈએ! કારણકે, જ્યાં દેશ સૌથી ઉપર નથી એ હકીકત આજના યુવાનો એ સમજવાની જરૂર છે. આદર્શ તો એવો હોવો જોઈએ કે, જેનું સ્મરણ થતાં એમનાં બલિદાન આગળ વગર કહે આપણું મસ્તક નમે! અને એવાં હતાં એ ક્રાંતિકારી જવાનો! કે જેણે અંગ્રેજો ને પણ ડરાવી દીધાં હતાં! અને એમનાં વિશે આજનાં યુવાનો એ જાણવું જરૂરી છે.

સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા બાદ,

દેશની આઝાદી માટે બહાદુર પુત્રો ભગતસિંહ, શિવરામ રાજગુરુ, સુખદેવે બલિદાન આપ્યા હતા. બ્રિટિશ શાસન સામે અવાજ ઉઠાવતા, તેમણે જાહેર સુરક્ષા અને વેપાર વિતરણ બિલના વિરોધમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં બોમ્બ ફેંક્યા. જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેને ફાંસીની સજા આપવામાં આવી હતી. ૨૩ માર્ચ એ જ દિવસ છે જ્યારે બ્રિટિશ સરકારે દેશના ત્રણ બહાદુર સપૂતોને ફાંસી આપી હતી, જેને વિષે જરાક જોઈએ.

ભગત સિંહ*'' માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપનાર ભગત સિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ચંદ્રશેખર આઝાદ અને અન્ય પક્ષના સભ્યો સાથે મળીને, ભગતસિંહે ભારતની આઝાદી માટે અભૂતપૂર્વ હિંમત સાથે શક્તિશાળી બ્રિટિશ સરકાર સામે હિંમતભેર લડત આપી હતી. તેઓ માર્ક્સના વિચારોથી ખૂબ પ્રભાવિત હતા. ભગત સિંહનું સૂત્ર 'ઈન્કલાબ ઝિંદાબાદ' ખૂબ પ્રખ્યાત છે. આ સૂત્રએ દેશવાસીઓને ઉત્સાહથી ભરી દેવાનું કામ કર્યું. ૧૯૨૮માં સાયમન કમિશનના વિરોધમાં લાઠીચાર્જને કારણે લાલા લજપત રાયનું મૃત્યુ થયું. લાલાજીના મૃત્યુએ ભગતસિંહને ભારે ક્રોધ અને દુ:ખથી ભરી નાખ્યા. તેમણે લાલાજીના મૃત્યુ માટે જવાબદાર પોલીસ અધિક્ષક સ્કોટની હત્યા કરવાની યોજના બનાવી અને લાહોરમાં રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ સાથે મળીને એસપી સાન્ડર્સની ગોળી મારીને હત્યા કરીને સનસનાટી મચાવી. તે જેલમાં ૬૩ દિવસ અનસન પર રહ્યા હતા અને જેલમાં કરેલા ઉપવાસ ખરાબ ભોજન સુધારણા માટે હતાં.

શહીદ સુખદેવ*'' સુખદેવનો જન્મ ૧૫ મે, ૧૯૦૭ના રોજ પંજાબના લાલપુરમાં થયો હતો. ભગતસિંહ અને સુખદેવના પરિવારો લાલપુરમાં એકબીજાની નજીક રહેતા હતાં અને બંને વીરો વચ્ચે ગાઢ મિત્રતા હતી. એટલું જ નહીં બંને લાહોર નેશનલ કોલેજના સ્ટુડન્ટ પણ હતા. સુખદેવે સોન્ડર્સ મર્ડર કેસમાં ભગતસિંહ અને રાજગુરૂનું સમર્થન કર્યું હતું.

શહીદ રાજગુરુ*'' શહીદ રાજગુરુનો જન્મ ૨૪ ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ પુણે જિલ્લાના ખેડા ખાતે થયો હતો. રાજગુરુ શિવાજીની ગેરિલા શૈલીના પ્રશંસક હોવા ઉપરાંત, લોકમાન્ય બાળ ગંગાધર તિલકના વિચારોથી પણ પ્રભાવિત હતા.

શહીદોના સન્માનમાં ભારતમાં દર વર્ષે કુલ સાત શહીદ દિવસ મનાવવામાં આવે છે. તેઓ જુદી જુદી તારીખો અને મહિનાઓ પર પડે છે. આ સાત દિવસ છે ૩૦ જાન્યુઆરી, ૨૩ માર્ચ, ૧૯ મે, ૨૧ ઓક્ટોબર, ૧૯ નવેમ્બર અને ૧૭ નવેમ્બર. જોકે આપણે ૩૦ જાન્યુઆરી અને ૨૩ માર્ચે મનાવવામાં આવતા શહીદ દિવસની વાત કરીએ, તો આ બંને વચ્ચે તફાવત છે. હા, ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ, ભારતને આઝાદી મળ્યાના માત્ર પાંચ મહિના પછી, નથ્થુરામ ગોડસેએ નવી દિલ્હીના બિરલા હાઉસ સંકુલમાં મહાત્મા ગાંધીની છાતી અને પેટમાં ત્રણ ગોળીઓ મારી હતી. બીજી તરફ, શહીદ ભગત સિંહ, સુખદેવ અને રાજગુરૂના બલિદાનને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ યાદ કરવામાં આવે છે, જ્યારે અંગ્રેજોએ તેમને ફાંસી આપી હતી. એટલે કે એકમાં અંગ્રેજ દુશ્મન દ્વારા ફાંસી જ્યારે બીજો તો હિન્દુ થઈને દુશ્મન બન્યો!!

ક્રાંતિકારીના જીવનનો એક માત્ર ઉદ્દેશ્ય ભારતને ગુલામીની બેડીમાંથી મુક્ત કરવાનો હતો. તેમણે અંગ્રેજોના અમાનુષી અત્યાચારો સહન કર્યા, અને અસંખ્ય યાતનાઓ સહન કરી હતી, પણ ક્યારેય રુપિયાને કે પરિવાર પ્રેમને દેશથી વધુ મહત્વ આપ્યું નહોતું. જેલમાં એ લોકોએ ઉચ્ચ અભ્યાસ કર્યો, આ ઉપરાંત બે ક્રાંતિકારી સામાયિક શરૂ કર્યા, અને દેશના યુવાનોને આઝાદીની ચળવળમાં જોડાવા માટે આહ્વાન કર્યું.વિશ્વના મોટા ભાગ પર જેમનું નિયંત્રણ હતું, એક એવું સામ્રાજ્ય જેના વિશે એવું કહેવામાં આવે છે, કે તેમના શાસન હેઠળ ક્યારેય સૂર્ય આથમતો નથી, આટલું શક્તિશાળી શાસન માત્ર ૨૩ આસપાસના યુવાનોથી ડરી ગયું. આજના આધુનિક યુવાનો જે નાની નાની સમસ્યાઓમાં પણ હતાશ થઈ જાય છે, માનસિક વિકૃતિઓથી ઘેરાઈ જાય છે, જેઓ સહેજ સંઘર્ષને કારણે ડિપ્રેશનમાં આવવા લાગે છે, તેવાં યુવાનોએ આ શહીદોના જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

એમણે કહ્યું કે ક્રાંતિનો અર્થ આખરે એવી સામાજિક વ્યવસ્થાની સ્થાપના છે, જેમાં માત્ર વિદ્રોહ ન્હોય પણ શ્રમજીવીની સર્વોપરિતાને સાર્વત્રિક રીતે સ્વીકારવામાં આવે. જ્યાં સુધી માણસ દ્વારા માણસનું શોષણ થાય છે, અને એક રાષ્ટ્ર દ્વારા બીજા રાષ્ટ્રનું શોષણ, જેને સામ્રાજ્યવાદ કહે છે, તે સમાપ્ત નહીં થાય ત્યાં સુધી માનવતા શરમજનક સ્થિતમાં જ રહેશે. તેઓ કહેતા હતા, ક્રાંતિનો અમારો અર્થ અન્યાય પર આધારિત વર્તમાન સામાજિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે.

તો આપણાં યુવાનોને આવાં રોલ મોડેલ તરીકે રાખવા જોઈએ જેનાથી તે પણ પોતાનું નામ આ રીતે ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવી શકે, અથવા તો જેનું લખાયું છે એના સમર્થક રહ્યાનો સંતોષ થાય.જય હિન્દ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### નકલીની હારમાળા વચ્ચે એક એવી ઘટના સામે આવી જેણે સૌને ચોંકાવી દીધા

# ત્રણ વર્ષથી ધમધમતી નકલી ઝનાના હોસ્પિટલનો થયો પર્દાફાશ

## એક્યુપ્રેશરનું સર્ટી ધરાવતી અનુરાધા નામની મહિલા ડોક્ટર બનીને બેઠી હતીઃ અનેક પ્રસુતિ કરાવીઃ સગર્ભાઓના જીવન સાથે ચેડાઃ દવાઓ પણ લખી અપાતી હતીઃ લાખોનો મુદ્દામાલ કબ્જે કરાયો



રાજકોટઃ રાજ્યમાં અવાર-નવાર કંઇ ને કંઇ નકલી પકડાતું રહે છે, ઘણીવાર તો લોકો અસલી શું અને નકલી શું એ પણ ભુલી જતાં હોય છે. નકલી ખાદ્ય પદાર્થો, કોસ્મેટીક આઇટમ, ઓટો પાર્ટસ, નકલી ઘડીયાળો અને નકલી અધિકારીઓ, નકલી કોર્ટ, નકલી ડોક્ટર, નકલી પોલીસ, નકલી ડીવાયએસી અને બીજુ ઘણુ બધુ નકલી પકડાઇ ચુક્યુ છે ત્યાં હવે સૌને ચોંકાવી દે એવો પર્દાફાશ થયો છે. આખી એન નકલી હોસ્પિટલ પકડાઇ છે. જેમાં સગર્ભાઓની સારવાર અને પ્રસુતિ કરી જિંદગી સાથે ચેડા કરવામાં આવતાં હતાં. જનની હોસ્પિટલ એવુ રૂપકડુ નામ ધરાવતી આ આખી હોસ્પિટલ નકલી હતી. અનેક જનેતાઓના જીવન સાથે આ હોસ્પિટલના લેભાગુઓએ ચેડા કર્યાની વિગતો ખુલતાં ખળભળાટ મચી ગયો છે.

વિગતો પર નજર કરીએ તો કચ્છના સરહદી વિસ્તારોમાં સરકારી ડોક્ટરોની અછત વચ્ચે લખપત તાલુકાના દયાપર ગામે ધમધમતી બોગસ હોસ્પિટલ પકડાઈ છે આરોગ્ય વિભાગે દરોડો પાડ્યો ત્યારે અહીં ડોક્ટર તરીકે સેવા આપતી મહિલા પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી જ ન હોવાનું ધ્યાને આવ્યું છે. તપાસ કરતા મહિલાએ એક્યુપ્રેશરનું તાલીમ સર્ટિફિકેટ રજુ કર્યું હતું ! જેના આધારે જ ત્રણ વર્ષથી સગર્ભા માતાઓની સારવાર અને પ્રસુતિ થતી હોવાનું સામે આવતાં તંત્રાવાહકો ચોંકી ગયા હતાં. વિશેષ માહિતી અનુસાર જાગૃત નાગરિક દ્વારા કચ્છ કલેકટરને ફરિયાદ કરાઈ હતી.જેથી કલેક્ટર દ્વારા આ બાબતે તપાસ કરી કાર્યવાહી કરવાની સૂચના અપાતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરીના માર્ગદર્શનમાં લખપત તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર કે.કે.પટેલે ટીમ સાથે જનની હોસ્પિટલમાં દરોડો પાડ્યો હતો.

દરોડો પાડનાર ટીમ સામે જે હકિકત સામે આવી હતી તે ચોંકાવનારી હતી. આ હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાઓની પ્રસુતિને લગતી દવાઓ અને સાધનો મળી આવ્યા હતા. દયાપરમાં મારુતિ કોમ્પલેક્ષના ઉપરના માળે આવેલી ન્યુ જનની હોસ્પિટલમાં આરોગ્ય અને પોલીસ વિભાગની તપાસ દરમિયાન ડોક્ટરની ખુરશી પર બેઠેલ મહિલા ઓગણચાલીસ વર્ષીય મૂળ બિહારના હાલે દયાપર મફતનગરમાં રહેતા અનુરાધા મંટુપ્રસાદ યાદવની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષથી ન્યુ જનની હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ગર્ભવતી મહિલાઓની સારવાર અને પ્રસુતિ કરાવે છે અને તેને લગતી દવાઓનું પ્રિસ્ક્રિપ્શન પણ લખી આપે છે! હોસ્પિટલમાં ઈન્ડોર મેડિકલ સ્ટોરની દવાઓ લખી આપે છે.

ત્રણ વર્ષ દરમિયાન અનેક ગર્ભવતી મહિલાઓની પ્રસુતિ કરી છે અને દવાઓ પણ આપી છે ગાયનેક હોવા બાબતેના માન્ય સર્ટિફિકેટ ડિગ્રી માંગતા મળી આવ્યા ન હતા.

વધુ તપાસ કરતા આ કહેવાતી ડોકટર અનુરાધાએ એક્યુપ્રેશરનું તાલીમ સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. માત્ર એક્યુપ્રશરના તાલીમ સર્ટિફિકેટના આધારે ત્રણ વર્ષથી સગર્ભાઓની સારવાર કરી બેદરકારી દાખવી હોવાથી લોકોના જીવ જોખમમાં મુકવા સંદર્ભે કાર્યવાહી કરાઈ હતી. પોતે ડોક્ટર ન હોવા છતાં ગાયનેક ડોક્ટર તરીકેની ઓળખ આપી ગર્ભવતી મહિલાઓને દવાઓ લખી આપી પ્રસુતિ કરાવતા હોવાથી તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા દયાપર પોલીસમાં સરકાર તરફે ફરિયાદ નોંધાવી હતી. દયાપર પીઆઇ વી.વી.ભોલાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે હાલમાં સર્વગ્રાહી તપાસ શરૂ કરાઇ છે અને કોઈ ભોગ બનનાર હોય તો પોલીસ સ્ટેશન આવી રજુઆત કરી શકે છે.

તપાસમાં ચોંકાવનારી વિગતો ખુલતાં જિલ્લા આરોગ્ય વિભાગે સૌ નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, તમે કોઈ જગ્યાએ સારવાર લેવા માટે જાઓ અને શંકા જણાઈ આવે તો ડોકટરનું મેડિકલ સર્ટિફિકેટ અવશ્ય ચકાસવું જોઈએ અથવા મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની કચેરીએ રજૂઆત કરી શકાય છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી ધમધમતી આ હોસ્પિટલમાં ઈન્ડોર મેડિકલ પણ આવેલી છે.જ્યાંથી દર્દીઓ દવા ખરીદતા હતા. જો ડોક્ટર બોગસ છે તો મેડિકલમાં ફાર્માસિસ્ટની હાજરી હતી કે કેમ? તે સહિતની દિશામાં ડ્રગ વિભાગ પણ ઘતું ઝડપાયુ હોય તેમ લાગે છે. આરોગ્ય વિભાગે પાડેલા દરોડા દરમ્યાન હોસ્પિટલમાંથી અલગ અલગ એલોપેથી દવાઓ તથા ગર્ભવતી મહિલાઓની સારવારમાં ઉપયોગમાં આવતી વસ્તુઓ મળી કુલ ૪,૬૯,૩૩૯ નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

તપાસનો વિષય એ પણ છે કે અત્યાર સુધી આ હોસ્પિટલમાં કેટલા બાળકોનો જન્મ થયો છે અને કેટલા દર્દીઓને સારવાર કરવામાં આવી છે તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે તેમજ બાળક જન્મે એટલે દયાપરના તલાટી દ્વારા દાખલો લખી આપવામાં આવે ત્યારે તલાટી કે અન્ય કોઈ સરકારી વિભાગ દ્વારા ડોક્ટરનું સર્ટિફિકેટ ચકાસવામાં આવ્યું હતું કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. કોઈપણ પ્રકારની ડીગ્રીનો હોવા છતાં ત્રણ વર્ષથી હોસ્પિટલ ચલાવનાર બોગસ મહિલા તબીબનો પતિ તાલુકામાં છૂટક નોકરી કરતો હોવાનું પણ વિશ્વસનીય સુત્રોએ જણાવ્યું હતું. આ પર્દાફાશને પગલે ચકચાર મચી ગઇ છે.

# ક્લાઈમેટ ચેન્જ સાથે માનવજીવન બચાવવા વિશ્વ હવામાન દિવસની ઉજવણી

## મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા લોકોને આંગળીના ટેરવે મળી રહી છે હવામાનની માહિતી

રાજકોટ, તા. ૨૨

હાલમાં થોડા દિવસો પહેલા જ આપણે સૌ હીટ વેવનો સામનો કરી ચૂક્યા છીએ, હીટવેવની આગાહી અને તેનાથી બચવાના પગલાંઓ વિશે આપણને તેના પહેલા જ જાણ થઈ ચૂકી હતી. આવી જ રીતે અનેકવાર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, માવઠા, અતિ ગરમી, અતિ ઠંડી જેવા અનેક હવામાનના ફેરફારોના વરતારા આપણને હવામાન વિભાગ દ્વારા પહોંચાડવામાં આવે છે. ત્યારે ૨૩ માર્ચના રોજ ''વિશ્વ હવામાન દિવસ'' એ આ તમામ હવામાન સંગઠનોને બિરદાવવાનો દિવસ છે. આ વર્ષે ''સાથે મળી વહેલી ચેતવણી પહોચાડવામાં આવતા અંતરને દૂર કરવા'' ની થીમ સાથે હવામાનની આગાહી અને ચેતવણીઓને વધુ ઝડપથી લોકો સુધી પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

૧૯૫૦માં વિશ્વ હવામાન સંગઠન (ઠખઘ)ની સ્થાપનાની યાદમાં ૨૩ માર્ચે વિશ્વ હવામાન દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ હવામાન અને આબોહવાની આગાહીના મહત્વ વિશે જાગૃતિ પણ લાવે છે. વિશ્વ હવામાન સંગઠન હવામાન સેવાઓની ડિઝાઇન અને વિતરણમાં સહયોગને સરળ બનાવવા, હવામાન માહિતીના આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા,માહિતીનું માનકીકરણ, આગાહીઓની ચોકસાઈમાં વધારો કરવા, સંશોધન અને તાલીમને પ્રોત્સાહન આપવા, પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓના વિકાસ કરવા જેવા મહત્વના કાર્યો કરે છે. એક સમય એવો પણ હતો જયારે હવામાન વિભાગની આગાહીઓ વિશે લોકોમાં ગેરમાન્યતાઓ હતી, પરંતુ આજે લોકો આંગળીના ટેરવે એપ્લિકેશન દ્વારા હવામાનની સ્થિતિની જાણકારી મેળવતા થયા છે. ભારતીય હવામાન વિભાગ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનું સૌથી મોટું સહાયક છે. આજે ભારતીય હવામાન વિભાગની મદદથી જ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ લોકેશન મુજબ લોકોને તેઓના મોબાઇલ પર જ તેમના વિસ્તારના હવામાનની રિયલ ટાઇમ ચેતવણીઓ સંદેશ દ્વારા મોકલી શકે છે.

હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ''મૌસમ'' લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે.

મૌસમ મોબાઇલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે.ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે.

ઊજ્જ્ઞ-ઈંઈઝખ દ્વારા મોબાઈલ એપ ઉઅખઈંગઈં-ક્ઈંત્રજ્ઞંઝગઈંગત્રૃ વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે.ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી ત્રાટકવાના સ્થળોની અગાઉથી જાણકારી મેળવી ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે ''મેઘદૂત એગ્રો એપ્લિકેશન'' દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પાક સલાહકાર ઉપરાંત, એપ્લિકેશન વર્તમાન હવામાનની માહિતી, વરસાદ, તાપમાન, ભેજને લગતા પાંચ દિવસના ભૂતકાળ અને આગાહી પણ પ્રદાન કરે છે. પવનની ગતિ અને દિશા, જે કૃષિ કામગીરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તે જાણવામા આ એપ ખૂબ ઉપયોગી બને છે. એવીજ રીતે પબ્લિક ઓબ્ઝર્વેશન એપ વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે.

### મિત્રતા ફ્રેન્ડશીપ લવલફરાના નામે બાળાઓને ફસાવવાના કિસ્સાઓમાં ચોંકવાનારો વધારો

# વિધર્મીએ રાકેશ નામ ધારણ કરી બાળાને ફસાવી અપહરણ કર્યુ

## પોલીસ પળનો પણ વિલંબ કર્યા વગર બંગાળ પહોંચી ગઈઃ બાળા તો મળી આવી પણ અપહરણકાર લુકમાન નાસી ગયોઃ બાળ તસ્કરીમાં સામેલ હોવાની શક્યતા

રાજકોટઃ સગીરાઓ, બાળાઓને ફ્રેન્ડશીપ, લવના નામે ફસાવી જિંદગી બરબાદ કરવાના કિસ્સા સતત વધી ગયા છે. ઘણીવાર તો વિધર્મીઓ હિન્દુ નામ ધારણ કરીને પણ બાળાઓને ફસાવી લેતાં હોવાના કિસ્સાઓનો પર્દાફાશ પોલીસ કરી ચુકી છે. આવા અનેક હાલમાં પણ જેલની હવા ખાઈ રહ્યા છે. ત્યાં વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક લુકમાન નામના વિધર્મીએ રાકેશ નામ રાખી સગીરાને ફસાવી લીધી હતી અને બીજા રાજ્યમાં લઈ ગયો હતો. પોલીસ સુધી સમગ્ર કિસ્સો પહોંચતા પોલીસ એકશનમાં આવી હતી અને બાળાને મુક્ત કરાવી હતી પણ અપહરણકાર ભાગી ગયો હતો. આ શખ્સ બાળ તસ્કરીમાં સામેલ હોવાની શંકાએ તેની શોધખોળ થઈ રહી છે.

આ સમગ્ર કારસ્તાનની વિગતો પર નજર કરીએ તો સુરતના ખટોદરા વિસ્તારમાં રહેતી ચૌદ વર્ષની બાળા કામ પર ગઈ હતી, પરંતુ ત્યાર પછી પરત આવી નહોતી. કિશોરીની માતાએ તપાસ કરતાં તેણીને કોઇ શખ્સ ભગાડી ગયાની વિગતો સામે આવી હતી. પોલીસે પ્રાથમિક તપાસ કરતાં આ બાળાને રાકેશ નામનો શખ્સ ભગાડી ગયાનુ સામે આવતાં તપાસ વેગવંતી બનાવી હતી. પણ પોલીસ ત્યારે ચોંકી ગઇ હતી જયારે રાકેશની સાચી હકિકત સામે આવી હતી. આ રાકેશનું સાચુ નામ લુકમાન હોવાનું અને તને બાળાને પશ્ચિમ બંગાળ લઈ ગયો હોવાની માહિતી મળતાં પોલીસ પળનો પણ વિલંબ કર્યા વગર બંગાળ જવા રવાના થઇ ગઇ હતી અને ત્યાંથી બાળાને શોધી કાઢી તેના વાલીને સોંપવા કાર્યવાહી કરી હતી.



પોલીસ સુત્રોએ જણાવેલી ગિગતો જોઈએ તો સગીરા પોતાની માતાની સાથે ઉમીયા નગર વિસ્તારમાં રહેતી હતી અને ઘરગથ્થુ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. દૈનિક રૂટિન મુજબ સગીરા સવારે નવ વાગ્યે કામે જતી અને સાંજે સાડા પાંચે વાગ્યે પરત આવતી હતી. પરંતુ તાજેતરમાં તે કંપનીમાં કામ કરવા ગઈ પણ સાંજે સાડા છ સુધી ઘરે પરત ન આવી. કિશોરીના પરિવારજનોએ શોધખોળ શરૂ કરી. પરિવારે સગાઓ, પાડોશીઓ અને ગામમાં ફોન કરીને પૂછપરછ કરી પરંતુ, ક્યાંયથી કોઈ માહિતી મળી નહી. કિશોરીની માતાએ આશંકા વ્યક્ત કરી હતી કે કોઈ અજાણ્યા વ્યક્તિએ તેની પુત્રીને ભોળવી-ફોસલાવીને અપહરણ કર્યું છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી, અને કિશોરીને શોધવા માટે તપાસ શરૂ થઈ કરી હતી.પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે કિશોરી તેની માતા અને મામા સાથે રહેતી હતી. માતા-પુત્રી એક કારખાનામાં કામ કરતાં હતા, અને તે જ કારખાનામાં રાકેશ દયાવાન નામનો એક યુવક પણ કામ કરતો હતો.

પોલીસે રાકેશ પણ ગાયબ હોઈ શંકાને આધારે વિશેષ તપાસ કરતાં ખબર પડી હતી કે આ રાકેશ જ બાળાને ભગાડી ગયો છે. કિશોરીની માતાની તબિયત ખરાબ હોવાથી માતા કામ પર ગઈ ન હતી પણ કિશોરી કામ પર ગઈ હતી. તે પછી કિશોરી પરત ન આવી અને રાકેશ પણ અચાનક ગાયબ થઈ ગયો. પોલીસે તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું કે, રાકેશનું અસલી નામ લુકમાન છે, અને તે મૂળ પશ્ચિમ બંગાળનો વતની છે.પોલીસે એક વિશેષ ટીમ પશ્ચિમ બંગાળ મોકલી, જયાંથી કિશોરીને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવી. જો કે રાકેશ ઉર્ફે લુકમાન ત્યાંથી ફરાર થઈ ગયો. હવે પોલીસ લુકમાનની શોધમાં છે, અને તેના પર બાળકોની તસ્કરી અને અપહરણના આરોપસર કાયદેસર કાર્યવાહી ચાલી રહી છે.પોલીસે કિશોરીને સુરત પરત લાવી, અને હવે સમગ્ર કેસની વધુ તપાસ હાથ ધરાઈ રહી છે. તાજેતરમાં રાજકોટ પોલીસે બાંગ્લાદેશથી અપહરણ કરી વેંચી દેવાયેલી બાળાને અમદાવાદની મહિલાના સકંજામાંથી મુક્ત કરાવી હતી. લોહીનો વેપલો કરી આ મહિલાએ ચાલીસ હજારમાં બાળાને ખરીદી હતી. ત્યાં હવે આ કિસ્સાએ ચકચાર જગાવી દીધી છે.

### હનુમાન મઢી પાસે રહી કલરકામ કરતો યુવાન આટો મારવા નીકળ્યો અને જિંદગીની સફર ખતમ થઇ ગઇ

# જીવલેણ અકસ્માતઃ અટીકા ફાટકે ટ્રક યુવાન માટે કાળ બન્યો

## બીજા બનાવમાં પિતાએ દારૂની કુટેવ છોડી દેવાનું કહેતાં પુત્રએ જિંદગીથી જ છુટકારો મેળવી લીધો

રાજકોટઃ શહેરમાં રોજબરોજ નાના મોટા વાહન અકસ્માત સર્જાતા રહે છે. આને કારણે ઘણીવાર વાહનચાલકો વચ્ચે મારામારી પણ થતી રહે છે. તો ઘણીવાર જે તે ઠોકરે ચડનારાને ફેક્ચર સહિતની ઇજાઓ થતી હોય છે તો ક્યારેમ મૃત્યુ પણ થતું હોય છે. આવો જ વધુ એક જીવલેણ અકસ્માત ઢેબર રોડ અટીકા ફાટક પાસે બન્યો હતો. જેમાં કલરકામ કરીને પેટીયુ રળતા યુવાનની જિંદગીનો અંત આવી ગયો હતો. ટ્રકચાલકે ઠોકરે લઇ લેતાં આ યુવાનના ઘટના સ્થળે જ રામ રમી ગયા હતાં. અપમૃત્યુની બીજી એક ઘટનામાં એક યુવાનને પિતાને દારૂની કુટેવ છોડી દેવાનું કહેતાં તેણે જિંદગી જ છોડી દીધી હતી. ત્રીજા બનાવમાં એક વૃધ્ધનું બેભાન હાલતમાં મૃત્યુ થઇ ગયુ હતું.





પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં વધુ એક વખત જીવલેણ વાહન અકસ્માતનો બનાવ બન્યો હતો. ઢેબર રોડ પર અટીકા ફાટક પાસે રસ્તો ઓળંગી રહેલો રૈયા રોડ હનુમાન મઢી પાસે રહેતો મુળ ઉત્તરપ્રદેશનો યુવાન ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોતને ભેટી ગયો હતો. વધુ માહિતી અનુસાર ઢેબર રોડ અટીકા ફાટક પાસે રાત્રીના અજાણ્યો યુવાન એક ટ્રકની ઠોકરે ચડી જતાં ઘટના સ્થળે જ દમ દોડી દીધો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. ભક્તિનગર પોલીસ મથકના મહમદતાલીબ સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

મોતને ભેટલો આ યુવાન કોણ છે? ક્યાં રહે છે? તે સહિતની તપાસ પોલીસે શરૂ કરી હતી. આ દરમિયાન મૃતક પાસેથી મળેલા ફોન નંબરને આધારે તપાસ શરૂ થતાં આ યુવાન રૈયા રોડ હનુમાન મઢી પાછળ શિવપરામાં રહેતો રામકુમાર રામજીભાઇ નિશાદ હોવાનું અને તેની ઉમર ત્રીસ વર્ષની હોવાનું ખુલતાં તેના મામાને પોલીસે મૃતદેહની ઓળખ માટે બોલાવ્યા હતાં. કાળનો કોળીયો બની ગયેલો રામકુમાર બે ભાઇમાં નાનો હતો અને છએક મહિના પહેલા જ યુપીથી રાજકોટ પેટીયુ રળવા આવ્યો હતો. તે શિવપરામાં ઓરડી રાખી એકલો રહેતો હતો અને છુટક કલરકામ કરતો હતો. રાતે તે અટીકા વિસ્તારમાં કોઇ કામ માટે ગયો હતો ત્યારે ટ્રકની ઠોકરે ચડી જતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. મૃતદેહને અંતિમવિધી માટે વતન યુપી લઇ જવાયો હતો. ત્યાંથી પરત આવ્યા બાદ મૃતકના સગા ટ્રકચાલક વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવશે. આ બનાવથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

અપમૃત્યુના બીજા બનાવમાં શહેરના નાના મવા રોડ પર જયભીમનગર-૬માં રહેતાં પચ્ચીસ વર્ષના બળદેવભાઇ લક્ષમણભાઇ ઝાલા નામના યુવાને રાતે રૂમમાં કપડુ બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. પોલીસ સુત્રોમાંથી જાણવા મળેલી વિગતો પર નજર કરીએ તો પ્રાપ્ત બળદેવભાઇએ રાતે દોઢેક વાગ્યા પહેલા ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, કાનાભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એલ. બી. ડીંડોર, હેડકોન્સ. કિરીટભાઇ રામાવત અને મદદનીશ રજાકભાઇ દલે જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર બળદેવભાઇ ત્રણ ભાઇમાં નાનો અને અપરિણીત હતો.

વધુ માહિતી અનુસાર તે કારખાનામાં મજૂરી કરતો હતો. તેને દારૂ પીવાની ટેવ હોઇ પિતાએ આ ટેવ છોડી દેવાનું કહેતાં માઠુ લાગી જતાં પગલુ ભરી લીધુ હતું. મોડી રાતે તેનો નાનો ભાઇ જે ડ્રાઇવીંગ કામ કરે છે તે ઘરે આવ્યો હતો અને રૂમ બંધ હોઇ ખખડાવવા છતાં નહિ ખોલતાં ઘણથી દરવાજો તોડીને જોતાં બળદેવભાઇ લટકતો મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેને તુરત સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ તેનો જીવ તબિબો બચાવી શક્યા નહોતાં. યુવાન દિકરાના પગલાથી પરિવારજનો શોકમાં ડુબી ગયા હતાં.

## શહેર પોલીસે ૨૦ ગુનામાં જપ્ત કરેલા ૩૪.૫૪ લાખના માદક પદાર્થોનો કરવામાં આવ્યો નાશ

### કચ્છની ફેક્ટરી ખાતે ડીસીપી, એસીપી, એસઓજી પીઆઇની હાજરીમાં કાર્યવાહી

રાજકોટઃ શહેર પોલીસ દ્વારા દર વર્ષે કબ્જે થતાં વિદેશી દારૂ બીયરનો અને માદક પદાર્થનો નાશ કરી નાખવામાં આવતો હોય છે. તાજેતરમાં પોલીસે કરોડોના જપ્ત થયેલા દારૂ પર નાકરાવાડી પાસે બૂલડોઝર ફેરવી દીધુ હતું. ત્યાં હવે અલગ અલગ ગુનામાં જપ્ત કરાયેલા અલગ અલગ માદક પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેર પોલીસના અલગ અલગ પોલીસ સ્ટેશનો, બ્રાંચો જેમ કે એસઓજી, ક્રાઇમ બ્રાંચ, પીસીબી, એલસીબી દ્વારા માદક પદાર્થના ગુના શોધી કાઢી જે મુદ્દામાલ કબ્જે કરવામાં આવે છે તેનો વર્ષાના અંતે નાશ કરવામાં આવતો હોય છે. શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં અને બ્રાંચોમાં દાખલ થયેલા આવા વીસ એનડીપીએસના ગુનાઓમાં કબ્જે થયેલો રૂા. ૩૪,૫૪,૪૯૨ની કિંમતના અલગ અલગ માદક પદાર્થનો આજે નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંજો, મેફેડ્રોન ડ્રગ્સ, હેરોઇન, બ્રાઉન સ્યુગર, એમફેટામીન સહિતના નશીલા દ્રવ્યો સામેલ હતાં. આ પદાર્થનો નાશ સરકાર માન્ય કચ્છ ખાતે આવેલી સોરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ નામની કંપની ખાતે કરાયો હતો.

એસઓજી પોલીસ ઇન્સપેક્ટર સંજયસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયા તથા પંચોની હાજરીમાં પંચોની હાજરીમાં કચ્છ ખાતે કરવામાં આવી હતી. અહિ ફેક્ટરીમાં આ તમામ માદક પદાર્થને બાળી નાખવામાં આવે છે.

## જીવદયા ગ્રુપ દ્વારા શહેર ભાજપના પ્રમુખ માધવભાઈ દવેનું સન્માન

### દવેના નેતૃત્વમાં કાર્યકરોમાં નવી ઉર્જાનો થશે સંચાર



રાજકોટ મિરર, તા.૨૨

જીવદયા ગ્રુપ દ્વારા રાજકોટ શહેર ભાજપના નવનિયુક્ત અધ્યક્ષ માધવભાઈ દવેનું ભાજપ કાર્યાલય ખાતે પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

તેમના નેતૃત્વમાં, રાજકોટ શહેરના ભાજપ કાર્યકર્તાઓમાં નવી ઉર્જાનો સંચાર થશે. તેમની વિકાસલક્ષી અને સમૃદ્ધિ તરફની દ્રઢ દ્રષ્ટિ પરિપૂર્ણ થશે, જેના દ્વારા રાજકોટ શહેરમા સંગઠન મજબૂત બનશે અને શહેરનો પણ ચોતરફી વિકાસ થશે.

કાર્યક્રમ જીવદયા ગ્રુપના મોભી ઉપેનભાઈ મોદીની આગેવાની નીચે હર્ષદભાઈ મહેતા, મેહુલભાઈ રવાણી, અરૂણભાઇ નિર્મળ, દિનેશભાઈ મોદી, હિતેશભાઈ દોશી, ભરતભાઈ બોરડીયા, હિરેનભાઈ કામદાર, હરેશભાઈ દોશી, નિખિલભાઈ શાહ, મોનિલભાઈ શાહ, આરતીબેન દોશી, આગમભાઈ મહેતા, લીનાબેન મહેતા, વિરેન્દ્રભાઈ સંઘવી, હિમાંશુભાઈ ચીનોય, હેમાબેન મોદી અને પારસભાઈ મોદી સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા અને માધવભાઈ દવેના નેતૃત્વની પ્રશંસા કરી હતી.શુભેચ્છાઓ પાઠવી હતી.

### મોટર સાયકલ પ્રકારના વાહનો માટે

## GJ03PE સીરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો માટે રિ-ઓકશન

રાજકોટ મિરર, તા.૨૨

મોટર સાયકલ પ્રકારના **GJ03PE** સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરો માટે રિ-ઓકશન તા. ૩૦/૦૩/૨૦૨૫થી ઓક્શન શરૂ કરવામાં આવશે, જેમાં ભાગ લેવા ઇચ્છતા વાહન માલિકોએ **parivahan.gov.in** પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

મોટર સાયકલ પ્રકારના **GJ03PE** સીરીઝના ગોલ્ડન, સિલ્વર નંબરો મેળવવા માટે તા.૩૦/૦૩/૨૦૨૫ સાંજે ૪ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તા.૦૨/૦૪/૨૦૨૫ સાંજે ૪:૦૧ થી તા.૦૪/૦૪/૨૦૨૫ના સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઇન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે. બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયે તા.૦૪/૦૪/૨૦૨૫ના સાંજે ૪:૧૫ વાગ્યે પરિણામ ઓનલાઇન જાહેર થશે.

ઓનલાઇન ઑક્શનમાં ભાગ લેનાર અરજદારે સાઈટ પર પર ઓનલાઇન સર્વિસ, ફેન્સી નંબર બુકિંગ પર જઈ, યુઝર આઇડી, પાસવર્ડ તૈયાર કરવાના રહેશે. હરાજીની પ્રક્રિયામાં ભાગ લઇ ચુકવણું કરવાનું રહેશે અને વાહન નંબર મેળવી હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. આર. ટી . ઓ. કચેરી ખાતેથી અપ્રુવલ લઈ નંબર મેળવવા તેમજ ઓકશનમાં ભાગ લેવા માટે વાહન વેચાણ તારીખથી સાત દિવસ સુધીમાં સીએનએ ફોર્મ ઓનલાઇન ભર્યું હોવું જરૂરી હોવાનું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું હતું

# રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં ૧૯ બાંધકામ પર ફેરવાયું બુલડોઝર

### જામનગર જિલ્લામાં ગેરકાયદેસર ખાણ ખનીજ કરતા ૧૨ ગુંડા તત્વોની ચકાસણી કરી ૫ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી : ૩૭૮ શખ્સના રહેણાંક કે ધંધાના સ્થાને વિજ કનેકશન કાપી દંડ ફટકારાયો : જામનગર જિલ્લામાં ૬૦ કેસો કરાયા

રાજકોટ, તા.૨૨

ડીજીપીના આદેશ બાદ સારાયે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પોલીસ હરકતમાં આવી ગઈ છે અને ખૂણેખૂણેથી ગુંડા તત્વોને શોધી તેમની સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહીનો પ્રારંભ થઇ ગયો છે. સતત ચોથા દિવસે પણ પોલીસે અસામાજિક, આવારા, બુટલેગરો અને ગુન્હો કરવા ટેવાયેલા શખ્શો સામે ગુન્હા નોંધવા સહિતની કાર્યવાહી કરવામાં આવે છે.



રાજકોટ રેન્જના પાંચ જિલ્લામાં ગુંડા તત્વોના ૧૯ બાંધકામ જમીનદોસ્ત કરી દેવાયા છે. જામનગર જિલ્લામાં ગેરકાયદેસર ખાણ ખનીજ કરતા ૧૨ ગુંડા તત્વોની ચકાસણી કરી ૫ વિરુદ્ધ ખાણ ખનીજ વિભાગ સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરાઈ છે.

રાજકોટ રેન્જ હસ્તકના રાજકોટ ગ્રામ્ય, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર તથા દેવભુમી દ્વારકા જિલ્લા વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વોની યાદી તૈયાર કરીને આવા દુષણ સમાન તત્વો વિરૂધ્ધ કાયદાકીય પગલા લેવા આદેશો થતા રેન્જ આઇજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ રાજકોટ રેન્જ વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી કામગીરી થઈ રહી છે.

જેમાં કુલ ૨૨૬૭ ની યાદી તૈયાર કરવામાં આવેલ.૬૪ સામે પાસા અને ૮૭ સામે હદપારીની દરખાસ્તો તૈયાર કરાઈ છે અને ૩૭૮ શખ્શો ઉપર અટકાયતી પગલાઓ લેવાયા છે તેમજ જીપી એક્ટ -૧૩૫ ના ૧૨ કેસો કરાયા છે. જામનગર જિલ્લામાં ગેરકાયદેસર ખાણ ખનીજનું ખનન કરતા ૧૨ને તપાસાયા હતા જેમાં પાંચ શખ્સ વિરુદ્ધ ખાણ ખનીજ વિભાગ સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાંચ જિલ્લાઓમાં ગુંડા તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય તેવા કુલ-૨૭૭ ગુંડા તત્વોની મિલ્કતોની ચકાસણી કરાતા જેમાં વહિવટી તંત્ર સાથે સંકલનમાં રહી કુલ ૧૯ તત્વોના બાંધકામ ગેરકાયદેસર જણાતા બાંધકામ તોડી પાડી તેઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરાઈ છે.

ગેરકાયદેસર વિજ જોડાણ કરી ચોરી કરવામાં આવતી હોય તેવા ઇસમો વિરુદ્ધ વિજળી વિભાગ સાથે સંકલનમાં રહી કુલ ૫૫૩ના રહેણાંક મકાન ઉપર ચેકીંગ દરમિયાન કુલ ૩૭૮ના વિજ કનેકશનમાં ગેરરીતી ઝડપાતા તેઓના વિજ કનેકશન બટકાવીને રૂ.૨.૬૬.૨૨૫૮૨ નો દંડ ફટકારાયો છે.. તેમજ જામનગર જિલ્લામાં ૬૦ કેસો તેમજ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ૨ એન.સી. કેસો દાખલ કરવામાં આવેલ છે. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ભાડુઆત જાહેરનામા ભંગ-૨૦, શરતી જામીન રદ્દ કરવા કોર્ટમાં સાત રિપોર્ટ કરાયા છે.. ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કુલ-૮૬ શખ્સોને ચેક કરવામાં આવ્યા હતા.

## પોકસો ગુનાને આરોપીને જાહેર કરાયો ફરાર

### કોઈને ભાળ હોય તો જીલ્લા પોલીસ વડાની કચેરીને જાણ કરવા અપીલ

રાજકોટ મિરર, તા.૨૨

રાજકોટ જિલ્લાના લોધીકા પોલીસ સ્ટેશનમાં પોકસો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ) એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાનો આરોપી કિશોર ઉર્ફે કિશન જેઠાભાઇ હમીરભાઇ ખરા (રહે. વડ વાજડી, જુના ગામ, જુનો વાસ. તા. લોધીકા, જી. રાજકોટ) કોર્ટ તરફથી જામીન પર છૂટ્યો હતો.

પરંતુ બાદ નિયત તારીખે ફરી જેલમાં હાજર નથી થયો અને અવારનવાર સમન્સ વોરંટ કાઢવા છતાં ક્યાંક છુપાઈ ગયો છે. એ કારણે તે મળતો નથી. કોર્ટ કિશોરને ફરારી જાહેર કર્યો હોવાનું રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની કચેરીદ્વારા જણાવાયું છે.

## રાજકોટ જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે કાલે પોષણ કીટ વિતરણ કરાશે

રાજકોટ મિરર, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટી.બી. મુક્ત ભારત અભિયાનને સાકાર કરવાના હેતુસર કાલે તા. ૨૪ના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે રાજકોટમાં જૂની કલેકટર કચેરીની બાજુમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને સવારે ૧૦ કલાકે ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ આહાર કીટ વિતરણ કાર્યક્રમ યોજાશે તેવું જિલ્લા ક્ષય કેન્દ્રની યાદીમાં જણાવાયું છે.

## MRF પેસ ફાઉન્ડેશન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા કાલથી બે દિવસીય કોચિંગ શિબિરનો પ્રારંભ

### નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે કેમ્પ ૨૪ અને ૨૫ના રોજ યોજાશે કેમ્પ : કેમ્પનું સંચાલન ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ઝડપી બોલર ગ્લેન મેકગ્રાથ દ્વારા કરાશે

રાજકોટ મિરર, તા.૨૨

એમઆરએફ પેસ ફાઉન્ડેશન, તેના ડિરેક્ટર અને સુપ્રસિદ્ધ ફાસ્ટ બોલર ગ્લેન મેકગ્રાથના નેતૃત્વમાં, મુખ્ય કોચ એમ. સેન્થિલનાથન અને સહાયક સ્ટાફ સાથે, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન માટે તા.૨૪ અને ૨૫ માર્ચ એમ બે દિવસીય કોચિંગ ક્લિનિકનું આયોજન કરાયું છે.

ફાસ્ટ-બોલિંગ પ્રતિભાઓને વિકસાવવાના હેતુથી આ કેમ્પનું સંચાલન ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ઝડપી બોલર ગ્લેન મેકગ્રાથ દ્વારા કરવામાં આવશે. ગ્લેન મેકગ્રાથ, તેમની ચોક્કસ અને અસરકારક બોલિંગ માટે જાણીતા છે, તેઓ શિબિરનું નેતૃત્વ કરશે, જે મહત્વાકાંક્ષી પેસ બોલરો સુધી તેમની અજોડ કુશળતા પહોંચાડશે. મેકગ્રાથ, તેમના વિશાળ અનુભવ અને જ્ઞાન સાથે, તેમની કુશળતા શેર કરશે, સહભાગીઓને તેમની બોલિંગની સ્ટાઈલનો ખેલાડીઓને અનુભવ મળશે. ગ્લેન મેકગ્રાથએ ટેસ્ટ ક્રિકેટમાં ૫૬૩ વિકેટ અને વન-ડે આંતરરાષ્ટ્રીય મેચોમાં ૩૮૧ વિકેટ ઝડપી છે.

ફાસ્ટ-બોલિંગ વિકાસ માટે વિશ્વની અગ્રણી સંસ્થાઓમાંની એક, એમઆરએફ પેસ ફાઉન્ડેશન, આ વિશિષ્ટ તાલીમ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના વર્તમાન અને આગામી ઝડપી બોલરો ભાગ લેશે.

શિબિર માટે મીડિયા કોન્ફરન્સનું ૨૪ માર્ચ ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે આયોજન કરાયું છે. ગ્લેન મેકગ્રા, મુખ્ય કોચ એમ. સેન્થિલનાથન અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહ પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરશે તેવું જણાવાયું છે.

## રાષ્ટ્રધ્વજ ગમે ત્યાં ન ફેંકવા સરકારની તાકીદ



રાજકોટ, તા.૨૨

રાષ્ટ્રધ્વજ એ સાર્વત્રિક સન્માનનીય પ્રતીક છે. પ્રદર્શનો- સંમેલનો જેવા અનેક કાર્યક્રમોમાં રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવે છે. અનેક કાર્યક્રમોમાં જાહેર જનતા દ્વારા કાગળથી બનેલા રાષ્ટ્રધ્વજ ઉપયોગમાં લેવામાં આવતા હોય છે પરંતુ કાર્યક્રમ બાદ તેને જમીન પર ફેંકવામાં આવે છે, જે તેની ગરિમાને અનુરૂપ ન હોવાથી ભારત સરકાર દ્વારા ભારતીય ધ્વજ સંહિતા ૨૦૦૨ના આદેશો પ્રમાણે રાષ્ટ્રધ્વજનો ખાનગીમાં તેની ગરિમાને અનુરૂપ નિકાલ કરવામાં આવે અને તેને જમીન પર ગમે ત્યાં ફેંકવામાં ન આવે તે બાબતનું ખાસ ધ્યાન રાખવા ગુજરાત સરકારના જાહેર વહીવટ વિભાગ દ્વારા અનુરોધ કરાયો છે.

કરણપરામાં કપડાના વેપારીના ઘરમાં હોળીની રાતે થયેલી ચોરીનો ભેદ એ-ડિવીઝન પોલીસે ઉકેલી રિક્ષાચાલકને દબોચ્યો

# કડકાઇ દૂર કરવા ફાંફા મારતાં કમલેશને એ ફ્લેટમાંથી મોટો દલ્લો મળ્યો'તો

**પાંચ પંદર હજારની આશા સાથે તાળા તોડ્યા પણ સવા ત્રણ લાખ મળી જતાં તહેવાર સુધરી ગયાના રાજીપા સાથે બેફામ પૈસા વાપરવા માંડ્યો હતોઃ ગાંધીગ્રામમાં રહેતાં શખ્સે ચોરેલી રકમમાંથી આડત્રીસ હજાર વાપરી નાખ્યાઃ વધુ ઉડાડે એ પહેલા પોલીસે ઉઠાવી લીધો**



રાજકોટઃ ચોરીના બનાવો અવાર-નવાર શહેરમાં બનતાં રહે છે. સામે પોલીસ ડિટેક્શન પણ કરતી રહે છે. તાજેતરમાં જ બનેલા પચ્ચીસ લાખથી વધુની ચોરીના બે બનાવનો ભેદ તેમજ મંડપના ગોડાઉનની ચોરીનો ભેદ ક્રાઇમ બ્રાંચે ઉકેલ્યો હતો. આ દરમિયાન સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં એક સાથે ડઝનેક સ્થળે ચોર પરચો આપી ગયા હતાં. તો બીજી તરફ હવે શહેરના એ-ડિવીઝન પોલીસે સવા ત્રણ લાખની ચોરીનો ભેદ ઉકેલી એક રિક્ષાચાલકને રોકડ સાથે પકડી લીધો છે. મુળ ધ્રાંગધ્રાનો આ શખ્સ હાલ રાજકોટમાં રહે છે. હોળીની રાતે તે રિક્ષા લઇને કરણપરામાં આટો મારવા નીકળ્યો હતો. ખિસ્સા ખાલી હતાં, કેટલાક દિવસથી પૈસાની ખુબ તંગી હતી. આથી તેની દાનત બગડી હતી અને અહિના બંધ એપાર્ટમેન્ટને જોઇને તાળા તોડી અંદર ઘુસી જતાં સવા ત્રણ લાખની રોકડ હાથમાં આવી ગઇ હતી. આ પછી તે બિન્દાસ્ત બની મોજશોખમાં રૂપિયા વાપરતો હતો. પોલીસે દબોચ્યો ત્યારે ઘણી રોકડ તેણે વાપરી કાઢી હતી.

વિગતો પર નજર કરીએ તો આ વખતે ચોરીના બનાવનું ડિટેક્શન એ-ડિવીઝન પોલીસ દ્વારા થયું છે. શહેરના કરણપરા-૨૬માં આવેલા વિશાલ એપાર્ટમેન્ટના બીજા માળે રહેતાં મુળ બગસરાના વતની અને આશાપુરા રોડ પર શ્રીજી ડ્રેસીસ નામે દુકાન ચલાવતાં જગદીશભાઇ રાજેન્દ્રભાઇ જોગી નામના વેપારીના ઘરમાં હોળીની રાતે તાળા તોડી રૂા. ૩,૨૫,૦૦૦ની રોકડ ચોરી જવામાં આવી હતી. એ-ડિવીઝન પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલી ગાંધીગ્રામ જીવંતીકાનગર-૨ કષ્ટભંજન મંદિરની સામે રહેતાં મુળ સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામના વતની કમલેશ ઉર્ફ કમલો નારણભાઇ રાઠોડ નામના રિક્ષાચાલકને રામનાથપરા મહાદેવ મંદિર પાસેથી ઝડપી લઇ રૂા. ૨,૮૭,૦૦૦ની રોકડ, મોબાઇલ ફોન કબ્જે કરી વિશેષ પુછતાછ હાથ ધરી છે. અઠ્ઠાવીસ વર્ષના આ રિક્ષાચાલકે મોજશોખ માટે પૈસાની જરૂર હોવાથી ચોરી કરી લીધાનું ગાણુ ગાયું હતું.

ચોરીની એફઆઇઆર દાખલ થઇ પછી ગુનો ઉકેલવા એ-ડિવીઝન, એલસીબી, ડીસીબીની ટીમો પ્રયાસ કરી રહી હતી. આ દરમિયાન એ-ડિવીઝન ડી. સ્ટાફના આસી. સબ ઇન્સ. એમ. વી. લુવા, હેડકોન્સ. ધારાભાઇ વાનરીયા અને અજયભાઇ બસીયાને મળેલી બાતમી પરથી કમલેશ ઉર્ફ કમલાને પકડી લઇ પુછતાછ કરવામાં આવતાં ગલ્લા તલ્લા કર્યા બાદ ચોરી કબુલી આપી હતી અને ચોરી કરેલી સવા ત્રણ લાખ પેકીની ૨,૮૭,૦૦૦ની રોકડ કાઢી આપી હતી. બાકીની રકમ તેણે મોજશોખમાં વાપરી નાખી હોવાનું રટણ કર્યુ હતું. કમલેશે કહ્યું હતું કે એ હોળીની રાતે પોતે કરણપરામાં રિક્ષા લઇને ગયો હતો. પૈસાની જરૂર હોઇ વિશાલ એપાર્ટમેન્ટમાં આટો મારતાં ત્યાં એક ફ્લેટ બંધ હોઇ તેની દાનત બગડી હતી અને જે મળે એ કામમાં આવશે તેમ વિચારી તાળા તોડી અંદર ખાબકી ગયો હતો. ત્યારે તેને સવા ત્રણ લાખની રોકડ મળતાં રાજી થતો આ રોકડ ઉસેડી નીકળી ગયો હતો.

ચોરેલી આ રકમમાંથી તેણે આડત્રીસ હજાર જેવી રકમ મોજશોખ પાછળ ખર્ચી કાઢી હતી. વધુ રકમ ઉડાવે એ પહેલા પોલીસે ઉઠાવી લીધો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચોધરીની સુચના અંતર્ગત પીઆઇ આર. જી. બારોટ, પીએસઆઇ કે. એમ. વડનગરા, એએસઆઇ એમ. વી. લુવા, બી. વી. ગોહિલ, હેડકોન્સ. અજયભાઇ બસીયા, કલ્પેશભાઇ બોરીચા, સાગરભાઇ માવદીયા, ધારાભાઇ વાનરીયા, કોન્સ. વિજયભાઇ મકવાણા, યોગેશભાઇ મકવાણાએ આ કામગીરી કરી હતી. કમલેશે પોતે પહેલી જ વખત ચોરીનો ગુનો આચર્યો હોવાનું કહેતો હોઇ તેની વિશેષ પુછપરછ ચાલુ રાખવામાં આવી છે. ધ્રાંગધ્રાનો વતની હોઇ ત્યાંથી પણ પોલીસ પાસેથી આ શખ્સના ગુનાહિત ઇતિહાસની વિગતો મંગાવાઇ છે.

---

જશરાજનગરમાં પીસીબી ત્રાટકતા પુરૂષો સાથે મહિલાઓ પણ પત્તા ટીચતાં મળી આવી

# જૂગટાની મોસમઃ તિનપત્તી-ઘોડીપાસા રમવા બેઠેલા ૧૧ પકડાયા

**નાના મવા રોડ રાજનગરમાં એલસીબી ઝોન-૨ ટીમે ૪ને પકડી લીધા ઘોડીપાસા રમતાં**



રાજકોટઃ દારૂ-જૂગારની મોસમ સતત ખીલેલી રહે છે. રમવાના અને પીવાના શોખીનો ગમે ત્યારે ફિલ્ડ બેસાડી લેતાં હોય છે. પણ મોટે ભાગે પોલીસ રંગમાં ભંગ પાડવા પહોંચી જતી હોય છે. આવા જ બે દરોડા પડ્યા હતાં. જેમાં પીસીબીની ટીમે જશરાજનગરમાં ઘરમાં દરોડો પાડી સાત પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. જેમાં ત્રણ મહિલા પણ સામેલ હતી. બીજી તરફ એલસીબી ઝોન-૨ ટીમે રાજનગર ચોકમાં દરોડો પાડી ઘોડીપાસનો જૂગાર રમતાં ચારને પકડી લીધા હતાં. અન્ય એક દરોડામાં પ્ર.નગર પોલીસે દારૂની બાટલીઓ પકડી લીધી હતી, પણ બાટલીઓ ઘરમાં છુપાવનાર મળ્યો નહોતો.

વિગતો પર નજર કરીએ તો તાલુકા પોલીસે મવડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર રાધે હોટેલ પાછળ જશરાજનગર-૨માં જીતેન્દ્ર બાબુલાલ ચૌહાણના ઘરમાં દરોડો પાડી તેને તથા જુગાર રમવા આવેલા જેન્તી લક્ષ્મણભાઇ પરમાર (રહે. ગાંધીગ્રામ-૫), જયેશ શાંતિલાલ વારા (રહે. જયશરાજનગર-૫), કમલેશ લાખાભાઇ પીપરોતર (રહે. કોઠારીયા રોડ વિનોદનગર બાલાજી પાર્ક-૨), જેન્તી ધનજીભાઇ ચૌહાણ (રહે. જીવંતીકાનગર-૧/૩), અંજુબેન ધનજીભાઇ જોરીયા (રહે. જશરાજનગર-૨), કાંતાબેન નાથાભાઇ અજમેરીયા (રહે. જશરાનગર-૨) અને રમાબેન શૈલેષભાઇ પરમાર (રહે. ગાંધીગ્રામ ગૌતમનગર આત્મન એપાર્ટમેન્ટ-૪)ને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રોકડા ૫૧ હજાર કબ્જે કર્યા હતાં. જીતેન્દ્ર ચૌહાણે નાલ ઉઘરાવી બહારના માણસોને ભેગા કરી જૂગાર રમાડવાનું ચાલુ કર્યુ હતું. માંડ મોજ જામી હતી હતી ત્યાં પોલીસે રંગમાં ભંગ પાડી દીધો હતો. આ દરોડો પીસીબી ઇન્ચાર્જ એમ.આર. ગોંડલીયાની સુચના અંતર્ગત પીએસઆઇ એમ. જે. હુણ, મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, ઘનશ્યામસિંહ, કરણભાઇ, કિરતસિંહ, વિરેન્દ્રસિંહ, હરદેવસિંહ, કુલદિપસિંહ, રાહુલગીરી, ગિરીરાજસિંહ, યુવરાજસિંહ, વિજયભાઇ, દેવરાજભાઇ, વાલજીભાઇ, નગીનભાઇ, હિરેનભાઇએ પાડ્યો હતો.

બીજી તરફ એલસીબી ઝોન-૨ ટીમે નાના મવા રોડ રાજનગર ચોકમાં દરોડો પાડી ઘોડીપાસનો જૂગાર રમવા બેઠેલા દિલીપ મનસુખભાઇ ચાવડા (રહે. મવડી સ્મશાન પાછળ મફતીયાપરા), યુવરાજ દેવસીંગભાઇ ડોડીયા (રહે. રાજનગર-૪, નાના મવા રોડ), વિજેન્દ્ર ધીરૂભાઇ ગોહેલ (રહે. લક્ષ્મીનગર-૪), ગોપાલ ભીખાભાઇ પરમાર (રહે. લક્ષ્મીનગર-૧)ને પકડી લઇ બે નંગ ઘોડીપાસા અને રૂા. ૧૬૧૦૦ કબ્જે લીધા હતાં. ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અંતર્ગત ટીમ દારૂ-જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા, કોન્સ. કુલદિપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી. ઘોડીપાસા રમવા માટે કોણે આયોજન કર્યુ હતું? કેટલા સમયથી રમતાં હતાં? તેની તપાસ થઇ રહી છે.

જ્યારે દારૂનો દરોડો પ્રદ્યુમનનગર પોલીસે પાડ્યોહ તો. રેલનગર-૨ આસ્થા ચોક પાસે શેરી નં. ૬માં મનિષાબેનના મકાનમાં ભાડેથી રહેતાં ચિરાગ રફીકભાઇ મકરાણીના ઘરમાં પોલીસ મથકના પીએસઆઇ આઇ. એ. બેલીમ, તૌફિકભાઇ મંઘરા સહિતે દરોડો પાડી રૂા. ૬૫૦૦નો ૧૩ બોટલ દારૂ કબ્જે કર્યો હતો. જો કે જેના ઘરમાંથી દારૂ મળ્યો એ ચિરાગ ઘરમાં મળી ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઇ હતી.

---

લોનનો હપ્તો ભર્યો પણ મશીનમાં ખામીના લીધે ગ્રાહકના રૂ.૨૮ હજાર ફસાયા

# ગ્રાહકે ભક્તિનગરની સ્ટેટબેંક સામે ફરિયાદ નોંધાવતા મુખ્ય ગ્રાહક ડી.કમિશને પૈસા ચુકવવા કર્યો હુકમ

## શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના વકીલોની જીત

રાજકોટ મિરર, તા.૨૨

રાજકોટના ગ્રાહકને મોર્ગેજ લોનનો હપ્તો ભરવા સમયે ભક્તિનગર સ્થિત બેન્કના મશીનની ખામીને લીધે પારાવાર હેરાન થવું પડ્યું હતું.

આ બાબતે હરેશભાઈ વ્રજલાલભાઈ જોશીના કહેવા મુજબ તેઓએ રૂ. ૨૮ હજાર ગોંડલ રોડ પર આવેલી સ્ટેટ બેન્કની શાખામાં એટીએમ દ્વારા હપ્તો ભર્યો હતો પણ યાંત્રિક ખામીને લીધે ગ્રાહકનો હપ્તો બેંકમાં જમા થયો ના હતો અને પરત પણ મળ્યો ન હતો.

આ અંગે અનેક વખતની રજૂઆત છતાં બેંકસુત્રોએ બેદરકારી દાખવવાનું ચાલુ રાખતા હરેશભાઈને ગ્રાહક ડી.કમીશન રાજકોટ(મુખ્ય)માં ફરિયાદ કરી હતી. તમામ આધારો અને હકીકતને ધ્યાને લઈને ફરિયાદીની રૂ. ૨૮ હજાર તા. ૮.૦૭.૨૦૨૪થી ૬ ટકા વ્યાજ સાચે ચુકવવા હુકમ થયો છે. એટલુજ નથી આરબીઆઈના પરિપત્ર મુજબ ફરિયાદ દાખલ થયાની તા. ૮-૭-૨૦૨૪ થી ટર્ન એરૌન્ડ ટાઈમ મુજબ પ્રતિદિન રૂ. ૧૦૦ બેંક્વાલા રકમ ચૂકવે ત્યાં સુધી ચુકવવા હુકમ થયો છે. તેમજ ૫ હજાર ફરિયાદીને થયેલા ખર્ચ પેટે ચૂકવવા હુકમ થયો છે.

રાજકોટ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ(મુખ્ય)ના પ્રમુખ પી.સી.રાવલ, સભ્ય એમ.એસ. ભટ્ટ દ્વારા તા. ૧૨.૦૨.૨૦૨૫ ના રોજ આ હુકમ કરાયો છે. ફરિયાદી તરફે રાજકોટ શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પેનલના વકીલો રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી અને મનોજભાઈ કોટડીયાનું ફરિયાદીને માર્ગદર્શન મળ્યું હતું.

---

# બજરંગ ગ્રુપ દ્વારા આજે નિઃશુલ્ક ચકલીના માળા,કુંડા. રોપાનું વિતરણ

**સેવાકીય કાર્યનો લાભ લેવા શહેરીજનોને અનુરોધ**



રાજકોટ મિરર, તા.૨૨

સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વખત લાકડાના ચકલીના માળા નિઃશુલ્ક વિતરણ કરતી સંસ્થા બજરંગ ગૃપ દ્વારા સંસ્થાના કાર્યાલય પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં, ગરેડીયા કુવા રોડ, રાજકોટ ખાતે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ નિઃશુલ્ક લાકડાના ચકલીના માળા, માટીના કુંડાનું વિતરણ કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, મનુભાઈ ભગત, વન અધિકારી હરેશભાઈ, દવે, મનુભાઈ મકવાણા, વિ.આર. બધ્ધદેવ, મનભાઈ મકવાણા, જતિનભાઈ ભીંડોરા, બી.કે. જાડેજા, ભગીરથસિંહ જાડેજા, હર્ષદસિંહ જાડેજા, દિનેશભાઈ તન્ના, વિજયભાઈ કે. ભટ્ટ, બટુકભાઈ રાચ્છના હસ્તે કરવામાં આવશે.

---

# જય ભીમનગરમાં યુવાનનો ગળેફાંસો ખાઇ આપઘાત

**પિતાએ દારૂની ટેવ છોડવાનું કહેતા ભર્યું પગલું**



રાજકોટ મિરર તા.૨૨

શહેરના નાનામૌવા રોડના જયભીમનગરમાં મોડી રાત્રે યુવાને ગળાફાસો ખાઈ લેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના નાનામૌવા રોડ જયભીમનગર ૬ માં રહેતા બળદેવ લક્ષ્મણભાઇ ઝાલા (ઉ.વ.૨૫) નામના યુવાને રાત્રે એક વાગ્યા આસપાસ ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેતા તબીબે તેમને મૃત જાહેર કર્યો હતો. પોલીસે વિગતો આપી હતી કે, બળદેવ અપરણિત હતો અને ત્રણ ભાઈઓમાં નાનો હતો.

બળદેવ કારખાનામાં મજૂરી કરતો હતો. તેને દારૂ પીવાની ટેવ હોવાથી પિતાએ આ ટેવ છોડી દેવાનું કહેતાં માઠુ લાગી જતાં પગલુ ભરી લીધુ હતું. તેનો નાનો ભાઈ ઘરે આવ્યો ત્યારે રૂમનો દરવાજો ખખડાવતા ખુલ્યો નહોતો ત્યારબાદ દરવાજો તોડતા બળદેવ લટકતો મળતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી

---

# રાજકોટ ગ્રામ્યમાં હથિયારબંધી જાહેર કરતા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ

**૩૧મી માર્ચ સુધી જાહેરનામું રહેશે અમલી, ભંગ કરનારને કરાશે શિક્ષા**

રાજકોટ મિરર, તા.૨૨

રાજકોટ ગ્રામ્યમાં આગામી દિવસોમાં ધાર્મિક શોભાયાત્રા, વિવિધ તહેવારોની ઉજવણી તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા રેલી, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ. કે. ગૌતમ દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા છે.

જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત સિવાયના રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી, શસ્ત્રો સહિતના શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ મનુષ્યો, શબો, આકૃતિઓ, પુતળા દેખાડવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવાની મનાઈ કરવામાં આવી છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે સરકારી કર્મચારી કે જેને ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપવામાં આવેલી હોય તેવી વ્યકિતઓને આ જાહેરનામું લાગુ પડશે નહીં. આ જાહેરનામું તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. તેમજ આ આદેશોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

---

**ક્ષયને રોકવા અને બચવાની જાગૃતિ ફેલાવાશે**

# કાલે વર્લ્ડ ટીબી ડે : બાલભવનમાં હેલ્થ જાગૃતિ કાર્યક્રમનું આયોજન

રાજકોટ મિરર, તા.૨૨

કાલે તા. ૨૪ ને સોમવારના રોજ વર્લ્ડ ટીબી ડે હોવાથી રાજકોટ ફાર્માસિસ્ટ એસોસિએશન, સોરાષ્ટ્ર યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ,સરકારી શહેરી અને ગ્રામ્ય ક્ષય વિભાગ રાજકોટના સંયુક્ત ઉપક્રમે હેલ્થઅવરનેસ કેમ્પ અને સાથે સાથે હાલમાં જ ભારત સરકારના ૧૦૦ ડેયઝ ટીબીએલીમાઈનેશન પ્રોગ્રામ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૪ ને સોમવારે, સવારે ૬ વાગ્યે, બાલ ભવનના ગેટ પાસે યોજાનાર આ કાર્યક્રમનો લાભ લેવા શહેરીજનોને આયોજક સંસ્થાઓ દ્વારા અનુરોધ કરાયો છે. કાર્યક્રમમાં દિવસે આપણે વધુમાં વધુ લોકો સુધી ટીબી (ક્ષય)થી કઈ રીતે બચી શકાય અને કઈ કઈ સાવચેતી રાખી શકાય, જીવનમાં ફામાંસીસ્ટ દ્વારા કઈ રીતે ઉપયોગી થઈ શકાય છે તે વિશેની સંપૂણ માહિતી આપવામાં આવશે.

---

# વિદેશી અને દેશી દારૂની અસમાજીક પ્રવૃતિ કરતા ૩૬ ઝડપાયા



રાજકોટ મિરર

રાજકોટ શહેરમાં પી.સી. બી. પોલીસે જુદા જુદા વિસ્તારમાં રહેતા અને અગાઉ ઇંગ્લીશ દારૂ તથા દેશી દારૂ ની અસમાજીક પ્રવૃતિ આચરતા પકડાયેલા ૩૬ શખ્શો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગર નાઓ તરફ થી ગુજરાત રાજયમાં કાયદો અને વ્યવસ્થા જળવાય, લોકોમાં સુરક્ષા અને સલામતી અનુભવાય અને અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશો અપાયા હતા. જે અંતર્ગત રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર વિસ્તારમાં રહેતા અને અસામાજીક પ્રવૃતિ આચરતા શખ્શો વિરૂધ્ધ કાર્યવાહી કરવા સુચના આપી હતી.

આવી સુચના અન્વયે પી.સી.બી. પી.આઈ. એમ. આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ના અધિકારી કર્મચારીઓ દ્વારા અગાઉ ઇંગ્લીશ દારૂ તથા દેશી દારૂની અસમાજીક પ્રવૃતિ આચરતા પકડાયેલ શખ્શોની યાદી તૈયાર કરાઈ હતી અને આવા શખ્શની ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા માટે તેઓ અસરકારક અટકાયતી પગલા લેવા જરૂરી હોવાથી તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ એકજ દિવસમાં આવા ૩૬ શખ્શો વિરૂધ્ધ અટકાયતી પગલા લઇ કાર્યવાહી કરવામા આવી હતી.

કામગીરી કરનારમાં પી.સી. બી. પી.આઈ. એમ.આર. ગોંડલીયા, પી.એસ.આઈ એમ.જે.હુણ, એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, ફુલદિપસિંહ જાડેજા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડેજા, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઇ મેતા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઇ સોલંકીનાઓ દ્વારા કરવામાં આવી હતી.

**પી.સી.બી. પોલીસની અન્ય પોલીસને ઊંઘતી રાખી કરી કામગીરી**

---

# સ્વ. મયુરભાઇ મકવાણાની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથીએ કાલે રક્તદાન કેમ્પ

રાજકોટ તા. ૨૨

રાજકોટ સિવિલ હોસ્પીટલનાં જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સ્વ. મયુરભાઇ નટવરલાલની દ્વિતીય વાર્ષીક પુણ્યતિથી નીમીતે, તા ૨૩-૩ રવિવાર સવારે ૯ થી ૨ વાગ્યા સુધી, કિશોરસિંહજી સ્કુલ શાળા ૧, કોઠારીયા નાકા, ખિજળાવાળા મામા સાહેબની સામે, રાજકોટ, ખાતે રકતદાન કેમ્પનુ આયોજન કરવામા આવેલ છે.

આ સાથે ચક્ષુદાન, દેહદાન, ત્વચાદાન, અંગદાન જાગૃતિ કેમ્પનુ પણ આયોજન કરાયું છે. આ કેમ્પમા હિરેનભાઇ મકવાણા, હિનેશભાઇ મકવાણા, હર્ષલ મકવાણા, મકવાણા પરીવાર, શ્રીમદ રાજચંદ્ર કાઉન્ડેશનનાં વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકનાં એમડી પેથોલોજીસ્ટ ડોકટરની ટીમ માનદ સેવા આપશે.

રકતદાતાઓને બહોળી સંખ્યામા રકતદાન કરવા અનુરોધ કરાયો છે. કોઇના જન્મદિવસ કે સ્મૃતિ રૂપે રાજકોટ સિવિલ હોસ્પીટલનાં લાભાર્થે રકતદાન કેમ્પનુ આયોજન કરવા, અંગદાન

---

# શાપર-વેરાવળ પોલીસે ૪૭ અસામાજીક તત્વો સામે કાર્યવાહી

રાજકોટ મિરર, તા.૨૨

રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા અસામાજીક પ્રવૃત્તિ કરતા ગુંડા તત્વો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા આદેશ કરેલ હોય જે અન્વયે રાજકોટ રેન્જના આઇ. જી. પી. અશોકકુમાર યાદ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ વડા હિમકરસિંહની સુચના તથા ગોંડલ ડીવીઝનના ડીવાયએસપી કે. જી. ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પો. ઇ. આર. બી. રાણા એ પોલીસ સબ ઇન્સ. આર. ડી. સોલંકી તથા શાપર પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહી અસામાજીક પ્રવૃત્તિ કરતા ઇસમો તથા અસામાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.



## ટાઉન પ્લાનિંગ વિભાગ તુસી ગ્રેટ હો

# છેલ્લા એક વર્ષમાં ઈમ્પેક્ટ હેઠળ માત્ર ૨૬ ટકા જ કામગીરી

## કમ્પલેશન - બાંધકામ પરવાનગીમાં ટીપી વિભાગે ૮૦% થી વધુની કરી કામગીરી

રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસ માટે દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે શહેરનો ઉત્તરોતર વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે બાંધકામ સહિતની જે કામગીરી છે તે શું ચાલુ રૂપથી ચાલતી હોય રાજકોટના ઘણા ખરા વિસ્તારો હાલ વિકસિત થઈ રહ્યા છે ત્યારે તે ડેવલપમેન્ટ પાછળ વિવિધ વિકાસકાર્યો અને નવી પ્રોપર્ટી ન નિર્માણ થાય તે ખૂબ અનિવાર્ય છે તેના માટે ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી પણ એટલી જ મહત્વની માનવામાં આવે છે. હાલ સૌથી મોટો પ્રશ્ન રાજકોટ માટે ઊભો થયો હોય તો તે એ હતો કે ટીઆરપી અગ્નિકાંડ બાદ જે ટીપી વિભાગની કામગીરી બાંધકામ પરવાનગી કે પછી કમ્પલેશન કે પછી ઈમ્પેક્ટ હેઠળ આવતી અરજીઓનો જે તાકીદે નિકાલ થવો જોઈએ તે થઈ શકતો ન હતો અને તેને લઈને રાજકોટના ઘણા ખરા પ્રોજેક્ટ અટકી પડ્યા હતા આ અંગે રીયલ એસ્ટેટ સહિતના જે ક્ષેત્રો છે તેમના દ્વારા સ્થાનિક સ્તરે અને રાજ્ય કક્ષાએ પણ રજૂઆત કરવામાં આવી હતી જે બાદ હાલ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા અને હવે તાવ ચાલી કામગીરી પણ ધીમી ધારે આગળ ધપવા મંડી હોય તેવું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે. મહત્વનું એ છે કે આ અંગે યોગ્ય વ્યવસ્થા જો ઉભી કરવામાં આવે તો જ રાજકોટનો વિકાસ પૂર્ણતઃ શક્ય બને નહીંતર આ કામગીરી માટે દરેક વિભાગ અને દરેક ક્ષેત્રે લોઢાના ચણા ચાવવા પડે તો પણ નવાઈ નહીં. હાલ જે ઘટનાઓ છેલ્લા એક વર્ષમાં ઘટી તેનાથી કામગીરીને ઘણી માઠી અસર પહોંચી છે. જે માટે રાજ્ય સરકારે પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા એક વખત નહીં અનેક વખત સૂચવ્યું છે.

ત્યારે છેલ્લા એક વર્ષની જો આંકડાકીય માહિતી પર વાત કરવામાં આવે તો વર્ષ દરમિયાન બાંધકામ પરવાનગી તથા ઈમ્પેક્ટ પ્રકરણ હેઠળ ટાઉન પ્લાનિંગ વિભાગે શું કામગીરી કરી છે ત્યારે આ અંગે આંકડાકીય વિગતો સામે આવી તે ઘણી ખરી અંશે ચોકાવનારી છે કારણ કે મહાનગરપાલિકાને છેલ્લા એક વર્ષમાં એફએસઆઇ પેટે ૧૨૬ કરોડની આવક થયેલી છે. બીજી તરફ બાંધકામ પરવાનગી માટે કુલ ૭૨૮૦ અરજીઓ ઈન્વર્ડ થઈ જેમાંથી ૫૭૫૨ અરજીઓ મંજૂર થઈ હતી એવી જ રીતે ૧૨૦૮ અરજીઓ ના મંજૂર અને કુલ ૩૨૦ અરજીઓ હજુ પણ બાંધકામ પરવાનગી માટે પેન્ડિંગ પડેલી છે. એવી જ રીતે કંપલેશન અંગે વાત કરવામાં આવે તો શહેરના તમામે તમામ ૧૮ વોર્ડમાંથી કુલ ૪,૩૩૫ અરજીઓ ઇન વર્ડ થઈ હતી જેમાંથી ૪૨૪૨ અરજીઓ મંજુર કરવામાં આવી સામે ત્રણ અરજીઓને ના મંજૂર કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે અને કુલ ૯૦ વરજીઓ હાલ પેન્ડિંગ પડેલી છે. એવી જ રીતે ઈમ્પેક્ટ હેઠળ જો વાત કરવામાં આવે તો કુલ ૪૦૧૯ અરજીઓ ઈન્વર્ડ થઈ છે જેમાંથી ૧૦૫૧ અરજીઓ મંજૂર થઈ, ૧૧૪૨ અરજીઓ નામંજૂર જ્યારે ૨૩૬૦ અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે. હાલ તજજ્ઞનું માનવું છે કે જે પેન્ડિંગ ન આંકડો જે સતત વધી રહ્યો છે તેના ઉપર અંકુશ લાદવામાં આવે તે ખૂબ જરૂરી છે. અને આ બેકલોગ જે રીતે સતત વધી રહ્યો છે તેના ઉપર પણ અંકુશ આવે તે ખૂબ જરૂરી અને મહત્વનું છે હાલ આ માટે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા દરેક સમભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

### વેસ્ટ ઝોનમાં બાંધકામ પરવાનગી માટે ૧૯૮૭ અરજી ઇન્વર્ડ થઈ કમ્પ્લેસન માટે ૧૩૮૧ અને ઈમ્પેક્ટ હેઠળ ૧૫૫૨ અરજીઓ આવી

મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન ની વાત કરવામાં આવે તો વોર્ડ નંબર ૧,૮,૯,૧૦,૧૧,૧૨માં કુલ ૧૯૮૭ અરજીઓ ઇન વર્ડ થઈ હતી જેમાંથી ટાઉન પ્લાનિંગ વિભાગે ૧૯૨૦ અરજીઓને મંજૂર કરી છે સામે ૧૫ અરજીઓને ના મંજૂર કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ હાલ બાંધકામ પરવાનગી માટે કુલ ૫૨ અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે. એવી જ રીતે કમ્પ્લેસન અંગે વાત કરવામાં આવે તો કુલ છ વોર્ડમાંથી ૧૩૮૧ અરજીઓ ઈન્વર્ડ થઈ હતી જેમાંથી ૧૩૩૩ અરજીઓ મંજૂર કરવામાં આવી બે અરજીઓ ના મંજૂર અને હજુ પણ ૪૬ જેટલી અરજીઓ પેન્ડિંગ બોલે છે. સામે ઈમ્પેક્ટ હેઠળ કુલ ૧૫૫૨ જેટલી અરજીઓ ઇન વર્ડ થઈ હતી જેમાંથી ૩૭૦ અરજીઓ મંજૂર, ૧૦૦ અરજીઓના મંજૂર અને ૧૦૮૨ અરજી હજુ પણ પેન્ડિંગ પડેલી છે.

### ઈસ્ટ ઝોનમાં બાંધકામ પરવાનગી માટે સર્વાધિક ૩૯૭૯ અરજીઓ

હાલ રાજકોટ શહેરની જો વાત કરવામાં આવે તો ઈસ્ટ ઝોન અત્યારના સૌથી વધુ વિકસિત થતો વિસ્તાર છે જેમાં બાંધકામ પરવાનગી હેઠળ સ્કૂલ ૩૯૭૯ અરજીઓ ઈન્વર્ડ થયેલી છે જેમાંથી ૨૯૩૦ અરજીઓ મંજૂર થઈ જ્યારે ૮૬૦ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી તો ૧૮૯ અરજીઓ હજુ પણ પેન્ડિંગ પડેલી છે સામે કમ્પ્લેશનની વાત કરવામાં આવે તો ૨૨૦૫ અરજીઓ હાલ ઇનવર્ડ થઈ જેમાંથી ૨૧૯૬ અરજીઓ મંજુર જ્યારે એક અરજીને નામંજૂર કરવામાં આવી છે અને આઠ અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે. તેમાં પણ જ્યારે ઈમ્પેક્ટ હેઠળ વાત કરવામાં આવે તો ૧૧૭૮ અરજીઓ ઇનવર્ડ કરવામાં આવી હતી જેમાંથી ૨૦૨ અરજીઓ મંજૂર ૭૪૪ અરજીઓ નામંજૂર અને ૭૬૬ અરજીઓ હજુ પણ પેન્ડિંગ પડેલી છે.

### સેન્ટ્રલ ઝોનમાં છેલ્લા એક વર્ષમાં કમ્પ્લેસન માટે ૭૪૯ અરજીઓ થઈ ઇનવર્ડ

મહત્વનું એ છે કે છેલ્લા એક વર્ષમાં સેન્ટ્રલ ઝોનની જો વાત કરવામાં આવે તો કમ્પલેશન મુદ્દે માત્ર ૭૪૯ અરજીઓ ઈન્વર્ડ થઈ હતી જેમાંથી ટાઉન પ્લાનિંગ વિભાગે ૭૧૩ અરજીઓને મંજૂર કરી છે અને માત્ર ૩૬ જેટલી અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે તો સામે બાંધગામ પરવાનગી માટે કુલ ૧૩૧૪ અરજીઓ ઈન્વર્ડ થઇ હતી જેમાંથી ૯૦૨ અરજીઓ મંજૂર, ૩૩૩ અરજીઓ નામંજૂર અને ૭૯ અરજીઓ હાલ પેન્ડિંગ પડેલી છે સામે ઈમ્પેક્ટ હેઠળ અત્યારે ૧૨૮૯ અરજીઓ હાલ ઇનવર્ડ થઈ હતી જેમાંથી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગે ૪૭૯ અરજીઓને મંજૂર કરી છે જ્યારે ૨૯૮ અરજીઓને નામંજૂર કરવામાં આવી હતી તો ૫૧૨ જેટલી અરજીઓ હજુ પણ પેન્ડિંગ બોલે છે. આ તમામ મુદ્દે જો વિગતવાર ચર્ચા કરવામાં આવે તો મહાનગરપાલિકાના કાઉન્ટ પ્લાનિંગ વિભાગ ઝડપભેર જે ખાલી પડેલી એટલે કે જે પેન્ડિંગ અરજીઓ છે તેનો નિકાલ કરે તે ખૂબ જરૂરી છે.

બીજી તરફ હાલ ડિમોલિશનની કામગીરી પણ એટલી જ જટિલ અને વિકરાળ બની રહી છે કારણ કે રાજ્ય સરકાર દ્વારા જે આદેશ આપવામાં આવ્યો છે તે બાદ હાલ મહાનગરપાલિકા હોય કે પછી જિલ્લા વહીવટી તંત્ર હોય બંને વિભાગ દ્વારા ગેરકાયદે બાંધકામોને તોડી પાડવામાં આવી રહ્યા છે અને તેની પાછળનું સૌથી મહત્વનું અને મોટું કારણ એ જ છે કે હાલ આ અંગે રાજ્ય સરકારને એક વખત નહીં અનેક વખત ફરિયાદો મળી હતી અને આ દૂષણોને દૂર કરવા હાર રાજ્ય વ્યાપી ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે. સામે તજજ્ઞોનું એવું પણ માનવું છે કે રાજકોટ શહેરનો વિકાસ દિન પ્રતિદિન સતત વધી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં અન્ય નવા પ્રોજેક્ટો પણ આવશે ત્યારે ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા કામગીરીને ઝડપી બનાવવામાં આવે તે ખૂબ જરૂરી અને આવશ્યક છે.

# શહેરમાં ૬૩ પે એન્ડ પાર્ક સાઈડમાંથી માત્ર ૨૪ જ કાર્યરત

## વર્ષે એક કરોડથી વધુની આવક : 30 સાઈટ માટે હાથ ધરવામાં આવશે રિટેન્ડરની પ્રક્રિયા

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરનો વિકાસ ઉતરોતર થઈ રહ્યો છે ત્યારે હાલ સૌથી મોટી તકલીફ અને સમસ્યા જો કોઈ રાજકોટ શહેર માટે ઉભી થયેલી હોય તો તે ટ્રાફિકની છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા ટ્રાફિક ની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે એટલું જ નહીં મહાનગરપાલિકા દ્વારા પે એન્ડ પાર્કની વ્યવસ્થા પણ ઉભી કરી છે ત્યારે હાલ જે આંકડાઓ સામે આવી રહ્યા છે તે પણ અત્યંત રસપ્રદ છે કારણ કે રાજકોટ શહેરમાં પે એન્ડ પાર્ક માટે કુલ ૬૩ જગ્યાની ફાળવણી કરવામાં આવી છે જેમાંથી હાલ અત્યારે માત્ર ૨૪ જગ્યા જ કાર્યરત છે અને નવ જગ્યા અને સ્ટેન્ડિંગમાંથી મંજૂરી મળ્યા બાદ તેની ફાળવણી કરવામાં આવશે તો એવી જ રીતે 30 જેટલી સાઈટ માટે રિટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મહત્વની વાત તો એ છે કે મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૪ ૨૫ માં પે એન્ડ પાર્ક માંથી ૧.૧૫ કરોડની આવક કરી છે.

મહત્વનું એ છે કે પે એન્ડ પાર્ક માટે મહાનગરપાલિકાએ ખરા અર્થમાં લોકોને જાગ્રત અને અવગત કરાવવા એ પણ એટલા જ જરૂરી છે કારણ કે સૌથી મોટી વાત એ છે કે હાલ જે ૨૪ જગ્યાઓ કાર્યરત છે તેમાં પણ લોકો શિસ્તમાં નહીં પરંતુ અસિસ્તમાં વધુ માની રહ્યા છે અને તેઓ તેમના વાહનો જેમ ફાવે તેમ પાર્ક કરે છે ત્યારે આ અંગે પણ મહાનગરપાલિકાએ વિચાર કરવો ખૂબ જરૂરી છે માત્ર જાગૃતિ જો કેળવવામાં આવશે તો મહાનગરપાલિકાની પે એન્ડ પાર્કમાંથી જે આવક ઊભી થાય છે તે આંકડો પણ કરોડોમાં પહોંચશે તેમાં કોઈ શંકા નથી. તજજ્ઞનું માનવું છે કે હાલ માત્ર ૨૪ જગ્યાથી જો એક કરોડથી વધુની આવક થતી હોય તો બાકી જગ્યાઓ જ્યારે ભરવામાં આવશે તો તે આંકડો હજુ પણ વધશે.

બીજી તરફ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ વખતે સ્ટેન્ડિંગ કમિટીએ બજેટમાં જે કરબોજો હટાવ્યો છે તેની પાછળનું તેઓએ એક એવું પણ સૂચન કર્યું હતું કે કર્બોઝ હટાવવા માટે મહાનગરપાલિકા આવકના નવા સ્રોત ઊભા કરશે જેથી જો આ પ્રકારે પે એન્ડ પાર્કની વ્યવસ્થા રાજકોટ શહેરમાં અન્ય જગ્યાએ પણ ઊભી કરવામાં આવે તો આવકના શ્રોતમાં વધુ એક ઉમેરો થઈ શકે. જે માટે દરેક સંભવત પ્રયત્નો કરવા માટે મહાનગરપાલિકાએ આગળ આવવું ખૂબ જરૂરી છે. એટલું જ નહીં આ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે ખૂબ જરૂરી અને આવશ્યક છે. સામે હજુ પણ શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં ખાલી ખમ પડેલી જગ્યાઓ છે જેને જો મહાનગરપાલિકા પે એન્ડ પાર્ક માટે ઉપયોગમાં લઈએ તો ટ્રાફિકની સમસ્યાનું જે પ્રશ્ન છે તે સંપૂર્ણપણે હલ થઈ શકે. એટલું જ નહીં હાલ રાજકોટના લોકો જેમ ફાવે તેમ પોતાના વાહનો પાર્ક કરતા નજરે પડે છે ત્યારે તેમના ઉપર પણ જો કડક કાર્યવાહી અને પગલાં લેવામાં આવે તો તેઓ પણ ખરા અર્થમાં પે એન્ડ પાર્કનો ઉપયોગ કરવા લાગે. મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટમાં કુલ ૬૩ જેટલી જે જગ્યાઓ પે એન્ડ પાર્ક માટે નક્કી થયેલી છે તેમાં હાલ ૨૪ જેટલી જગ્યાઓ કાર્યરત છે પરંતુ ૨૪ જગ્યામાં પણ વ્યવસ્થિત રીતે જે વાહન પાર્ક કરવામાં આવવા જોઈએ તે આવતા નથી ઊલટું ખરા અર્થમાં લોકો માટે પેન્ટ પાર્ક એક સુવિધા નહીં પરંતુ એક અડચણ ઊભી થઈ હોય તેવું તેઓ માની રહ્યા છે અને આ જ વિચારમાંથી તેઓને બહાર લાવવા ખૂબ આવશ્યક અને જરૂરી છે.

## પ્રેમકહાનીઓ લગ્ન સુધી પહોંચે પછી વિશ્વાસ, સમર્પણ, સ્નેહ, વફાદારી ન રહે તો પરિણામ માઠુ આવે

# દગાખોર પત્નિને કારણે પતિને ખાવા પડ્યા છરીના ઘાઃ પહોંચ્યો હોસ્પિટલમાં

## લવમેરેજ કરનારા યુવાનની પત્નિ તેને છોડી રાજકોટ પ્રેમી સાથે રહેવા માંડીઃ પતિ પોતાનો ફોન પાછો લેવા આવતાં પત્નિો પ્રેમી તૂટી પડ્યો

રાજકોટઃ પ્રેમકહાનીઓમાં અનેક વખત એવા ટ્વીસ્ટ આવતાં હોય છે જેની પ્રેમીઓએ કલ્પના પણ કરી હોતી નથી. પ્રેમ પ્રકરણ આગળ જતાં લગ્ન સુધી પહોંચે એવા નસિબદાર બહુ ઓછા હોય છે. તેમાં પણ પ્રેમલગ્ન થઇ ગયા પછી પણ તેને ટકાવી રાખવાનું કામ અઘરૂ થઇ જતું હોય છે. વિશ્વાસ, વફાદારી, સમર્પણ, સ્નેહના પૈડાઓ જો પ્રેમલગ્ન બાદ હચમચી જાય તો પરિણામ અલગ જ આવતું હોય છે. કંઇક આવુ જ રાજકોટના મુળ વતની અને હાલ જામનગર રહેતાં યુવાન સાથે બન્યું છે. આ યુવાને બે વર્ષ પહેલા એક યુવતિ સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. પરંતુ પ્રેમિકામાંથી પત્નિ બનેલી આ યુવતિ બેવફાઇના રસ્તે ચાલી નીકળતાં અને ત્રણેક વર્ષથી પતિને છોડી રાજકોટ પ્રેમી સાથે રહેવા આવી જતાં પતિ એવો યુવાન તેણીની પાસે રહેલો પોતાનો મોબાઇલ ફોન લેવા અને ડોક્યુમેન્ટ આપવા રાજકોટ આવ્યો ત્યારે પત્નિના પ્રેમીએ તેની સાથે ઝઘડો કરી છરીના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધો હતો. પત્નિની બેવફાઇને કારણે છરીના ઘા ખાઇ આ યુવાન હોસ્પિટલમાં પહોંચ્યો હતો.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો મુળ રાજકોટના અને હાલ જામનગર રહી મજૂરી કરતાં યુવાને બે વર્ષ પહેલા જેની સાથે લવમેરેજ કર્યા હતાં તે યુવતિ તેને મુકી ત્રણેક મહિનાથી રાજકોટ બીજા પ્રેમી સાથે રહેવા આવી ગઇ હોઇ આ યુવાન પોતાનો મોબાઇલ ફોન પત્નિ પાસેથી પરત લેવા અને લગ્નના ડોક્યુમેન્ટ તેણીએ મંગાવ્યા હોઇ તે પરત દેવા આવ્યો ત્યારે રૈયા ચોકડીએ પત્નિના પ્રેમીએ તને શેની હવા છે? કહી છરીના ઘા મારી દેતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે જામમનગર માટેલ ચોક રામેશ્વરનગર મેઇન રોડ પર વાલભાઇના મકાનમાં ભાડેથી રહેતાં અને છુટક મજૂરી કરતાં મનિષ લાલચંદભાઇ ટેકવાણી નામના ઓગણત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી રાજકોટના વંશ ઉર્ફે વિકાસ ઉર્ફે માનસિક પરમાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. મનિષ ટેકવાણી સાંજે ચારેક વાગ્યે રાજકોટ રૈયા રોડ સર્કલ પાસે હતો ત્યારે તેના પર છરીથી હુમલો કરી હાથ, માથામાં ઈજાઓ પહોંચાડવામાં આવતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો.





પત્નિા પ્રેમીના હુમલામાં ઘાયલ થયેલા મનિષે જણાવ્યું હતું કે હું ત્રણ વર્ષથી જામનગર રહુ છું, મારુ મુળ વતન રાજકોટ છે અને દુધસાગર રોડ પર આકાશદીપ સોસાયટીમાં ક્વાર્ટર નં. ૯૨માં મારુ ઘરે છે. મેં બે વર્ષ પહેલા રેલનગરની માનસી નારાયણભાઇ સોઢા સાથે પ્રેમ થઇ જતાં તેની સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. આ પછી હું અને પત્નિ બે વર્ષથી જામનગર રહેતાં હતાં. જો કે એકાદ વર્ષથી મારી પત્નિ રાજકોટના વંશ ઉર્ફે વિકાસ ઉર્ફે માનસિક પરમાર નામના છોકરા સાથે પ્રેમ થઇ જતાં તે મને છોડીને ત્રણેક મહિનાથી વંશ સાથે રહેવા આવી ગઇ છે. મારો ફોન કે જે મેં લીધો હતો તે મારી પત્નિ માનસી પાસે હોઇ તેમજ અમારા લગ્નના ડોક્યુમેન્ટ મારી પાસે હોઇ જે મારી પત્નિએ માંગતા હું શુક્રવારે મારો મોબાઇલ ફોન લેવા ડોક્યુમેન્ટ તેણીને આપવા રાજકોટ આવ્યો હતો. મારી સાથે મામાનો દિકરો મનિષ ડાવરા અને મિત્ર જયરાજ પટેલ પણ હતાં.

અમે ત્રણેય રૈયા ચોકડીએ હતાં ત્યારે મારી પત્નિ અને તેનો પ્રેમી વંશ આવ્યા હતાં. મેં ડોક્યુમેન્ટ મારી પત્નિને આપી દઇ મારો મોબાઇલ ફોન પાછો માંગતા તેણીએ ના પાડી કહેલું કે-પહેલા તું છુટાછેડા આપી દે પછી જ ફોન આપીશ. આ વાતચીત ચાલુ હતી ત્યારે મારા મામાનો દિકરો અને મિત્ર નીકળી ગયા હતાં. હું પણ પરત જામનગર જવા રવાના થતો હતો ત્યાં વંશ ઉર્ફ વિકાસ ઉર્ફ માનસ્કિ અચાનક મારી પાસે આવ્યો હતો અને-તારે શેની હવા છે? કહી છરી કાઢી માથામાં બે ઘા મારી દીધા હતાં. ત્રીજો ઘા મારતાં મેં ડાબો હાથ આડો રાખતાં હાથમાં ઇજા થઇ હતી. દેકારો મચી જતાં અને હું લોહીલુહાણ થઇ જતાં વંશ અને મારી પત્નિ ભાગી ગયા હતાં. લોકોએ મને વધુ મારથી બચાવ્યો હતો.

આ દરમિયાન મારા મિત્રને મેં બોલાવી લેતાં તે ઇકો મારફત હોસ્પિટલે લઇ ગયો હતો. સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, કાનાભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં ગાંધીગ્રામના પોલીસ ઇન્સ. એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી. બી. પટેલે ગુનો નોંધી હુમલાખોર શખ્સને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. પત્નિની બેવફાઇને કારણે લોહીલુહાણ થઇ કણસતી હાલતમાં યુવાનને હોસ્પિટલમાં દાખલ થવાની વેળા આવી હતી. પ્રેમમાં વિશ્વાસનો સેતુ તૂટે ત્યારે પરિણામ માઠુ આવતું હોય છે તે વાતની પ્રતીતિ આ ઘટના પરથી થઇ રહી છે.

# ગર્લ્સ હોસ્ટેલના શેઠનો રાજસ્થાની દંપતી પર લાકડાના પાટલાથી હુમલો

## ગાંધીગ્રામ-૨ યુની. પોલીસ હુમલાખોર સામે ગુન્હો

રાજકોટ મિરર તા.૨૨

શહેરના વૃંદાવન ગર્લ્સ હોસ્ટેલમાં રસોડું ચલાવતા રાજસ્થાની પતિ પત્ની વતનમાં લગ્ન પ્રસંગે જવાની પરવાનગી માંગતા શેઠએ ઉશ્કેરાઈને પાટલાથી હુમલો કરતા તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ઈન્દિરા સર્કલ વૃંદાવન ગર્લ્સ હોસ્ટેલના રૂમમાં, મૂળ વતન ખારડા મેઘવાલો વાસ તા. રાણી જી. પાલી રાજસ્થાનમાં રહેતા પ્રકાશકુમાર ઓગડરામ મેઘવાળએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ માસથી વૃંદાવન ગર્લ્સ હોસ્ટેલના રૂમમાં તેમના પત્ની અને દીકરા સાથે રહે છે વૃંદાવન ગર્લ્સ હોસ્ટેલ ઈન્દિરા સર્કલ પાસે ભારત ડેરીની સામેની શેરીમાં છેલ્લા ત્રણ માસથી ગુંદાવાડી મેઈન રોડ રામજી મંદિરની બાજુમાં રહેતા શેઠ નિખિલભાઈ વૈકુંઠભાઈ નિમાવતને ત્યાં ગર્લ્સ હોસ્ટેલને લઈને ત્યાં રહેતી છોકરીઓને જમવાની તથા નાસ્તાની વ્યવસ્થા અને રાંધવા રસોડાની ફરજ બજાવે છે.

આજે બપોરના દોઢ વાગ્યા આસપાસ તેમના પત્ની રોટલી બનાવતા અને રાજસ્થાન વતનથી કાકાની દીકરીના લગ્ન હોય અને પત્ની છેલ્લા ઘણા દિવસોથી વતન જવાની વાત કરતી હતી, જે બાબતે પતિ પત્ની સાથે વતનમાં જવા માટે માથાકૂટ થતા શેઠ નિખિલભાઈ આવી તા.૧૦/૪/૨૦૨૫ના કાકાની દીકરીના લગ્ન બાબતે રજા માંગતા તેમને જણાવ્યું કે થોડાક દિવસ બીજા માણસો મારફત રસોઈની વ્યવસ્થા ગોઠવી લો, જેથી લગ્ન પ્રસંગ અર્થે જઈ શકીએ.

આ બાબતે વાત કરતા નિખિલભાઈ એકદમ ઉશ્કેરાઈ જતા તેમની પત્નીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા અને નિખિલભાઈએ તેમને ૨૧ દિવસના બાકી રહેલા મજૂરીના રૂપિયા નથી દેવા તું તારા વતન જતો રહે તેવી વાત કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હતી. ત્યાં રસોડામાં પડેલો રોટલી વણવાનો લાકડાનો પાટલો હાથમાં લઈ પ્રકાશકુમારને માથાના ભાગમાં બે ઘા મારી લોહી લોહાણ કરી મુક્યો હતો. આ સમયે તેમના પત્ની છોડાવવા જતા હાથાપાઈ કરવા લાગ્યો અને તેમના માસીના દીકરા કિશોરકુમાર ખંગાર રામજી ભટનાગર અને તેમના બનેવી સંજય કુમાર મોતીલાલજી દહિયાને બનાવની જાણ કરતા ૧૦૮ મારફતે સરકારી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ગાંધીગ્રામ૨ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરી હતી

# ગોંડલ તાલુકા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો



રાજકોટ મિરર, ગોંડલ તા.૨૨

ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલા અને ગોંડલ તાલુકા પ્રોબેશન ડો.નવીન ચક્રવર્તીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ ગુંદાળા ગામે એક સફેદ કલરની કાર શંકાસ્પદ લાગતા કાર ચાલક પાછળ જતા જામકંડોરણા ગામ તરફ જતા અનિડા, ડૈયા અને ત્રાકુડા તરફ જતા દેવાબાપાના મંદિર પાસે કાર જીજે૦ઈએલ ૩૯૫૯ નંબરની કાર મૂકી કાર ચાલક નાસી ગયો હતો.

કાર અંદર ચેક કરતા કારની વચ્ચેની સીટમાં ડેકીમાં પાછળ ખાખી કલરના પુઠ્ઠાના બોક્સ ઈંગ્લીશ દારૂની પેટીઓ અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૨૭૪ બોટલો કિં. ૨,૫૧,૭૫૦ અને ચાર લાખની કાર સહિત ૬,૫૧,૭૫૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલકને શોધવા પોલીસ દ્વારા ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે..

દારૂના આ દરોડામાં પ્રોબેશન આઈપીએસ ડો.નવીન ચક્રવર્તી, જમાદાર ધર્મેન્દ્રસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ વાળા, રવિરાજસિંહ વાળા, સંજયભાઈ મકવાણા અને રણજીતભાઈ ધાધલ સહિતના સ્ટાફ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

# ટ્રાફિક શાખાની ડ્રાઈવમાં પાંચ દિવસમાં ૫૪૩૧ સામે ગુન્હો

## બેદરકાર વાહન ચાલકો પાસેથી રૂ.૨૦,૯૬,૭૦૦નો દંડ વસુલાયો




રાજકોટ મિરર તા.૨૨

રાજકોટ શહેર મહે.પો.કમિ. સા.બ્રજેશકુમાર ઝાની સુચનાથી મહે. અધિક પો.કમિ. મહેન્દ્ર બગડીયાના રાહબરી હેઠળ અને નાયબ પો.કમિ. સા.ટ્રાફિક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ માન્ય નંબર પ્લેટ વગર વાહન ચલાવવાનું વધતું વલણ આપણા શહેરમાં માર્ગ સલામતી માટે નોંધપાત્ર ચિંતાનું કારણ બની ગયું છે.અને અકસ્માતોમાં કે ગુન્હાઓમા સામેલ આવા વાહનોને ટ્રેક કરવામાં મુશ્કેલી પડતી હોય છે જે દરમિયાન રાજકોટ શહેર ટ્રાફિક શાખા દ્વારા તા.૧૭/૦૩/૨૦૨૫ થી તા ૨૧/૦૩/૨૦૨૫ સુધી નંબર પ્લેટ વગરના તેમજ અન્ય મોટર વ્હિકલ એકટનું ઉલંઘન કરતા વાહનો ચાલકો વિરુધ્ધ સ્પેશયલ ડ્રાઈવ રાખવામાં આવેલ જેમાં નંબર પ્લેટ વગરના કુલ ૩૪૧ જેટલા વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. જેમાં તારીખ ૧૭-૦૩-૨૦૨૫ થી તા ૨૧/૦૩/૨૦૨૫ સુધી સ્પેશલ ડ્રાઈવમાં GMVR બ્લુ કાચ વાળા ૧૩૫ કેસ દાખલ કરી રૂ.૬૭,૫૦૦, મોબાઈલફોન વાળા ૫૯ કેસ દાખલ કરી રૂ.૨૯,૫૦૦, વધુ પેસેન્જર વાળા ૬ કેસમાં રૂ.૩,૦૦૦.લાઈસન્સ વગરના ૯ કેસમાં રૂ.૧૯,૦૦૦,ત્રણ સવારી વાળા ૧૭૫૫ કેસમાં રૂ.૧,૭૫,૫૦૦, ટ્રાફિક અડચણ વાળા ૬૫૦ કેસમાં રૂ.૪૬૮૫૦૦, ઈ.જ.છ.ડ નંબર પ્લેટ વાળા ૬૦૭ કેસમાં રૂ.૧,૮૨,૨૦૦, હેલ્મેટ વગરના ૮૮૫ કેસમાં રૂ.૪,૪૨,૫૦૦, સીટબેલ્ટ વગરના ૪૮૭ કેસમાં રૂ.૨,૪૩,૫૦૦, પી.યુ.સી. વગરના ૧૦ કેસમાં રૂ.૫,૦૦૦, પરચુરણ કાગળો વાળા ૪૩૬ કેસમાં રૂ.૨,૧૮,૦૦૦, હુકમનું ઉલંઘન કરતા ૯૦ કેસમાં રૂ.૯૦,૦૦૦, વીમા વગરના ૧ કેસમાં રૂ.૨૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.કુલ ૫૪૩૧કેસમાં કુલ રૂ.૨૦,૯૬,૭૦૦ વસુલવામાં આવ્યા હતા.આ ઉપરાંત નંબર પ્લેટ વગરના કુલ ૩૪૧ વાહનો ડીટેઈન કર્યા હતા.

# ગોંડલમાં સગીર સાથે બનેલો બનાવ દુઃખદ : પ્રફુલભાઈ રાજ્યગુરૂ

## પાટીદાર સમાજના અમુક અગ્રણીઓએ રાજકીય રંગ ન આપવા અપીલ

રાજકોટ મિરર, તા.૨૨

ગોંડલ તા.

ગોંડલમાં સંગ્રામસિંહ હાઈસ્કૂલના મેદાનમાં સગીરને ત્રણ શખ્સોએ ધોકા વડે માર માર્યાની ઘટનાનાં પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાત સાથે રોષ જોવા મળી રહ્યો છે આ ઘટના દુઃખદ વ્યક્ત કરી રાજ્યગુરૂએ અપીલ કરતાં જણાવ્યું કે પોલીસ તંત્ર દ્વારા આ બનાવમાં ઉંડાણ પૂર્વક તપાસ કરી બનાવની જળ તક પહોંચવા કસરત કરી રહી છે ત્યારે આ બનાવને કહેવાતાં અમુક આગેવાનો દ્વારા રાજકીય રંગ આપવાનો પ્રયાસ કરી રહ્યા છે તે તદ્દન ગેરવ્યાજબી છે

તાજેતરમાં સગીર સાથે બનેલ બનાવથી પાટીદાર સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે દુઃખદ બનાવમાં સહાનુભૂતિ વ્યક્ત કરી સામાજીક આગેવાન પ્રફુલભાઈ રાજ્યગુરૂએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ગોંડલમાં શાંતિનું અને ભાઈચારાનું વાતાવરણ છે અમુક પોતાની મેલી મુરાદ પાર પાડવા માટે બનાવને રાજકીય રંગ આપવા પ્રયાસ કરી રહ્યા છે. સગીરને માર મારવાના કિસ્સામાં રોષ હોય એ વાત સ્વભાવિક છે પરંતુ આ બનાવમાં રાજકીય આગેવાનને કાઈ લાગતું વળગતું ન હોવા છતાં રાજકીય રંગ આપી ગોંડલની શાંતિને ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સગીરનુ ભવિષ્ય અને ન્યાય મળે તે દિશામાં વાતો કરવી જોઈએ જેમતેમ બફાટ કરી ધારાસભ્યના પરિવારને ટાર્ગેટ કરવામાં આવે છે જ્ઞાતિ જાતિ વચ્ચે વૈમનસ્યના બીજ રોપવાનાં પ્રયાસો ન કરવાં જોઈએ રાજયગુરૂએ વધુ જણાવ્યું હતું કે ભૂતકાળમાં બનેલાં બનાવો વાગોળીને લોકોને ભડકાવાનુ કામ કરી પોતાની મેલી મુરાદ પાર પાડવા હંમેશને માટે તલપાપડ હોય છે કોઈ પણ બનાવમાં એકજ પરિવારને ટાર્ગેટ કરી અને તેમની સાથે જોડી દેવો તે તદ્દન ગેરવ્યાજબી છે.

રાજકુમાર જાટનો બનાવ અને સગીરને મારમારવાનો બનાવ હોય પોલીસ દ્વારા ચુસ્ત કાર્યવાહી કરવામાં આવી છે હજુ ઘટતી કાર્યવાહીની માંગ કરવી જોઈએ ઉશ્કેરણીજનક ભાષણ આપી શાંતિ ડહોળાઈ તેવા પ્રયત્નો કરવા ન જોઈએ ભોગ બનેલ પરિવારની સાથે રહી સગીરને ન્યાય મળે તે દિશામાં આગળ વધવું જોઈએ અને તંત્ર એ પણ ભડકાઉ ભાષણ આપનાર ઉપર લગામ મારી ધોરણસરની કાર્યવાહી કરવા તેવું રાજયગુરૂએ જણાવ્યું હતું અને સમાજને પણ અપીલ કરી હતી કે આવા આગેવાનની વાત આવી ખોટી દિશામાં ન જવું સમાજમાં ઘણા મોભી અગ્રણીઓ સાથે બેઠક કરી આગળ વધવા અપીલ કરી હતી

# એક વર્ષથી અપરહરણના ગુન્હામાં નાસતો ફરતો બિહારી ઝડપાયો

## માલવિયાનગર પોલીસે સમ્રાટ ઈન્ડ.માં રહેતા સોનુને દબોચી લીધો



રાજકોટ મિરર તા.૨૨

શહેરમાં છેલ્લા એક વર્ષથી અપરહરણ તથા પોક્સોના ગુન્હામાં નાસતા ફરતા બિહારીને માલવીયાનગર પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

શહેરમાં શહેરના ખોડીયાર નગર મેઇન રોડ માં રહેતી ૧૦ વર્ષીય સગીરને તા.૦૮/૦૨/૨૦૨૪ના ઘરે થી લલચાવી ફોસલાવે ગેરકાયદેસર અપહરણ કરી નાસી છૂટ્યો હતો આ અંગેની ફરિયાદ માલવિયા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે શખ્શની શોધખોળ આદરી હતી.

પોલીસ કમીશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા,ઈ.નાયબ પો. કમી. સજ્જનસિંહ પરમાર ઝોન - ૨,ઈ.મદદનીશ પો.કમી રાધીકા ભારાઇ દક્ષીણ વિભાગએ શરીર સબંધી ગુન્હાઓમાં નાસતા-ફરતા આરોપીઓ તથા માથાભારે શખ્શો અને કોર્ટમાંથી બીનજામીનલાયક વોરંટો અને નામદાર કોર્ટમાંથી સજા થઇ હોય તેવા શખ્શો મળી ન આવતા હોય જેઓને શોધી કાઢવાના આદેશો આપેલા હતા.

જે અંતર્ગત પી,આઈ જે.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પી.એસ. આઈ ડી.એસ.ગજેરા અને સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પો.હેડ.કોન્સ જયદેવસિંહ પરમાર, પો.કોન્સ ચીત્રકેતુસિંહ ઝાલા, મનીષભાઇ સોઢીયાને તેઓના ખાનગી બાતમી મળી હતી કે, રાજકોટ શહેર માલવીયાનગર પોલીસ સ્ટેશન મા ગત તા.૦૮/૦૨/૨૦૨૪ ના અપરહરણ તથા પોક્સો એક્ટ મુજબના નોંધાયેલા ગુન્હાનો આરોપી પરપ્રાંતીય હોય જેને હ્યુમનસોર્સીસથી તેમજ ટેકનીકલ મદદથી ગુન્હાનો નાસતો ફરતો શખ્શને રાજકોટ આવેલ હોવાની બાતમી મળી હતી. પોલીસે સમ્રાટ ઈન્ડ્રસ્ટ્રીઝ, એરીયા શેરી નં-૨૨, શ્યામ કારખાનાના રૂમમા, એસ.ટી. વર્ક શોપ પાછળ, રાજકોટ શહેર મુળ રહે.-ગામ ઈટીહા ગણેશ. પોસ્ટ તિવારી ડીહ, ભોજપુર બીહારમાં રહેતા સોનુકુમાર જયમંગલ ઠાકુરને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

